Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2019-20,posted at rajkot-RMS
published & posting dt.-daily (evening) VALID UP TO 31-12-2020
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 6, Issue:46 Dt.04-12-2020 (Friday) સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

ગુજરાતમાં આંદોલનનું રણશીંગુ ફૂંકતી કોંગ્રેસ

રાજયમાં ખતમ થતા જતા જનાધારને પુનઃ પ્રાપ્ત કરવા કિશાનોનો હાથ ઝાલતો પક્ષ

અમદાવાદ, ગાંધીનગર, પોરબંદર, જૂનાગઢ, મોરબીમાં કોંગ્રેસના વ્યાપક દેખાવો અને રેલી, રાષ્ટ્રપતિને આવેદન પત્ર મોકલાયા, અર્જુન મોઢવાડીયાએ ટ્રેકટર ચલાવ્યું

ભારતીય કિશાન સંઘ મેદાનમાં

કોંગ્રેસના દેખાવ ધરણા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમદાવાદ, તા.૪

કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા ઘડવામાં આવેલા ત્રણ નવા કૃષિ વિરોધમાં પંજાબ હરિયાણાના કિશાનોએ શરૂ કરેલી આદોલનની આગ પ્રસરીને ગુજરાત સુધી પહોંચી ગઇ છે. આજે કોંગ્રેસે રાજય વ્યાપી દેખાવો અને ધરણા કરીને કૃષિ કાયદાની સામે આદોલણનું રણશીંગુ ફુંકી દીધુ છે. રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર સહિતના જિલ્લાઓમાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ ભારે દેખાવો કર્યા હતા. કલેકટર કચેરીએ જઇ રાષ્ટ્રપતિને મોકલવા માટેનું આવેદન પત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. આવેદન પત્રમાં કોંગ્રેસે નવા કૃષિ કાયદાને ખેડુત વિરોધી અને મુળી પતિઓના લાભ માટે હોવાનો આક્ષેપ કર્યો હતો.

રાજયભરમાં દરેક જિલ્લા મથકે કોંગ્રેસે આદોલનના શ્રી ગણેશ કરી દીધા છે. અમદાવાદમાં દેખાવો યોજે એ પહેલા અનેક કોંગ્રેસી કાર્યકરોની પોલીસે અટકાય કરી દીધી હતી. ગાંધનગરમાં કોંગ્રેસના કાર્યકરો ધરણા પર બેસી ગયા છે. અને કૃષિ કાયદાનો વિરોધ કરી રહયા છે. કોંગ્રેસે ગઇકાલે જ પંજાબ હરિયાણાના કિશાન આદોલનને સમર્થન આપવાની જાહેરાત કરી હતી.

રાજકીય નિરિક્ષકો અને વિવેચકો કોંગ્રેસના આદોલનને ડુગતો તરણુ જાલે તે કહેવત સાથે સરખાવી રહયા છે. રાજયમાં કોંગ્રેસનો જનાધાર જડપથી ખતમ થઇ રહયો છે. અને ધારાસભાથી માંડીને સ્થાનીક સ્વરાજની ચુંટણીઓ જીતવાની કોંગ્રેસની શકિતિ દિન પ્રતિ દિન વધુને વધુ ક્ષીણ થઇ રહી છે. એ જોતા કોંગ્રેસે પોતાની ઘટતી જતી લોકપ્રિયતા અને જનાધારને પુનઃ પ્રાપ્ત કરવાના આખરી પ્રયાસ રૂપે કિશાનોનો પાલો પકડી લીધો છે. તેવું રાજકીય ખેલંદાઓ માની રહયા છે. આદોલનથી કોંગ્રેસને કેટલો અને કેવો ફાયદો થશે એ તો આવનારા દિવસોમાં જ ખબર પડશે.

અમદાવાદમાં કોંગ્રેસના જિલ્લા કક્ષાના આગેવાનો અને

(અનુ.પાના નં.૪ ઉપર)

હૈદરાબાદનો 'નવો નિઝામ' બનવા ભણી ભાજપ

મતગણતરીમાં બપોર સુધીમાં ભાજપ ૮૭, સત્તાધારી ટીઆરએસ ૩૩ અને મજલીસ ૧૭ બેઠક પર આગળ

મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં ઓવૈસીના ગઢનો ભાંગીને ભુક્કો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
હૈદરાબાદ, તા.૪

આખરે હૈદરાબાદમાં એઆઇએમઆઇએમના સર્વે સર્વા અસદુદ્દીન ઓવૈસીનો ગઢ ધરાશાયી કરવામાં ભાજપને સફળતા સાંપડી છે. હૈદરાબાદ મહાનગર નિગમની ખુબ જ પ્રતિક્ષા ભરી બની ગયેલી ચુંટણીઓમાં ભાજપે તમામ તાકાત કામે લગાડી દીધી હતી. મહાનગરનિગમની ૧૫૦ બેઠકો માટે આજે સવારથી મતગણતરી શરૂ થતા જ આંચકા રૂપ પ્રવાહો મળવાનું શરૂ થયું હતું. અત્યારે બપોરે ૧ વાગ્યા સુધીના મત ગણતરીના ટ્રેન્ડ મુજબ ભાજપ આગળ ચાલી રહયો છે. તેલનગણાનો સત્તાધીશ પક્ષ ટીઆરએસ બીજા ક્રમે

(અનુ.પાના નં.૪ ઉપર)

કોરોના રસી આગામી સપ્તાહોમાં તૈયાર, વૈજ્ઞાનિકોની લીલી ઝંડી બાદ રસીકરણ કરાશે : વડાપ્રધાન

સર્વપક્ષીય બેઠકમાં વડાપ્રધાનની મહત્વપૂર્ણ ઘોષણાથી કોરોના ચીંતીતોમાં રાહતનું મોજું

રસીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના અને કોવિન નામનું ખાસ સોફટવેર તૈયાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

નવી દિલ્હી, તા.૪ : કોરોનાની પરિસ્થિતિ અને વેકિસનની તૈયારીઓ અંગે સમીક્ષા કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આજે બોલાવેલી સર્વપક્ષીય વીડિયો કોન્ફરન્સમાં કોરોના રસી અંગે વડાપ્રધાને મહત્વપુર્ણ જાહેરાતો કરતા દેશભરમાં રાહતનું મોજુ પ્રસરી વડયું છે. વડાપ્રધાને જાહેર કર્યુ હતું કે, આગામી સમાહોમાં કોરોના વેકિસન તૈયાર થઇ જશે. હેલ્થ, ફ્રન્ટ લાઇન વર્કર અને વૃધ્ધોને રસી કરણમાં પ્રાથમિકતા આપવામાં આવશે. તેમણે જાહેર કર્યુ હતું કે વૈજ્ઞાનિકોની મંજુરી મળી ગયા બાદ દેશભરમાં લોકોનું રસી કરણ શરૂ કરવામાં આવશે. તેમણે દેશવાસીઓને ખાતરી આપી હતી કે, ભારત રસીકરણ માટેનું અનુભવી નેટવર્ક ધરાવે છે. એ ખાસ ટાસ્ક ફોર્સની રચના પણ કરી લેવામાં આવી છે. રસી કરણ માટે કોવિન નામનો ખાસ સોફટવેર તૈયાર કરવામાં આવ્યો છે. આગામી સમાહોમાં દેશને કોરોનાની રસી મળી જશે.

રાજકોટની ૨૦૦ શાળાઓને આઇટીની નોટીસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

રાજકોટ શહેર અને જિલ્લાની ૨૦૦ જેટલી શાળાઓને ઇન્ટમ ટેક્ષ દ્વારા નોટીશ ફટકારવામાં આપી હોવાનું જાણવા મળ્યું છે. જેમા શહેરની ૪૫ શાળાઓ હોવાનું જાણવા મળ્યું છે. ૩.૧૦ લાખથી માંડીને ૩.૧ કરોડ સુધીની બાકી કરવેરાની રકમ વસુલવા માટે નોટીશ આપવામાં આવી હોવાનું રાજકોટ ઇન્ટમ ટેક્ષ સર્કલના વર્તુળોએ જણાવ્યું હતું.

અત્યારે કોરોનાની પરિસ્થિતિને કારણે શાળાઓ શરૂ થઇ શકી નથી. શાળાઓને અત્યારે આર્થીક નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. ફીનો મુદ્દો હજુ સંતોષ કારક રીતે ઉકેલી શકાયો નથી. આથી બાકી કરવેરા વસુલવા આઇટી વિભાગ દ્વારા નોટીશો અપતા શાળા સંચાલકો માટે પડયા પર પાટા જેવુ થયું છે.

કૃષિ કાયદા રદ કરો : કિસાનોની એક જ માંગ

સંસદ સત્ર બોલાવો, સરકાર સાથે વાટાઘાટોના ચાર તબક્કા નિષ્ફળ

સતત ૯માં દિવસે આદોલન યથાવત, દિલ્હી સરહદે હજારો આદલોનકારીઓનો જમાવડો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
નવિ દિલ્હી, તા.૪

આજે સતત ૯માં દિવસે કિશાન આંદોલન ચાલુ રહયું છે. અને કિશાનોએ સરકાર સાથેની વાટાઘાટો નિષ્ફળ ગયા બાદ વધુ આકરુ વલણ અખત્યાર કર્યુ છે. નવા કૃષિ કાયદા રદ કરવાની કિશાનોએ હવે હઠ પકડી છે. અને કાયદા રદ કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગણી મુકતા આંદોલનમાં નવો વણાક આવ્યો છે.

દિલ્હીની બોર્ડર પર અને ખાસ કરીને સીંધુ વિસ્તારમાં હજારો આંદોલન કારીઓ ઉભરાઇ રહયા છે. દિલ્હી જવાના તમામ હાઇ-વે પર આંદોલન કારીઓએ હડીગો જમાવી દિધો છે. પરીણામે પરિસ્થિતિ વધુ વણસી ગઇ છે. પંજાબ હરીયાણાના કિશાનોને દેશભરમાંથી સમર્થન મળવાનું શરૂ થયું છે. એમના ટેકામાં ગુજરાત જેવા મહત્વના રાજયમાં પણ આંદોલન શરૂ થાય અને કિશાનો બાયો ચડાવે તેવા ભંણકારા વાગી રહયા છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

ભાજપ નેતા માટે જન્મદિન બન્યો મુસીબતનો દિન

વડોદરામાં ગાઇડલાઇન ભંગ બદલ પક્ષના સહકાર્યકરોની ધરપકડ

ભાજપ નેતા સુનિલ સોલંકી સહિત બે વોન્ટેડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
વડોદરા, તા.૪

એક તરફથી કોરોના મહામારી બેફામ રીતે પંજો પસારી રહી છે અને બીજી તરફ લોકો બેદરકારીનું વલણ અપનાવી કયાં ક જન્મદિન તો કયાંક સગાઇ કે લગ્ન પ્રસંગમાં કોવિડ ગાઇડલાઇનનો ખુલ્લે આમ ભંગ કરતા દેખાય છે આથી હવે સરકાર પણ આકરા મીજાજમાં છે. અને ખુદ ભાજપના નેતાઓ તથા કાર્યકરો સાથે પણ કઠોર વલણ અપનાવી રહી છે. જેને કારણે વડોદરા ભાજપના નેતા સુનિલ સોલંકીને ભુર્ગભમાં ચાલ્યા જવાની ફરજ પડી છે.

વડોદરામાં ભાજપ નેતા સોલંકીએ ધુમધામથી પોતાનો જન્મદિવસ મનાવ્યો હતો. મોટાપાયે યોજાયેલી પાર્ટીમાં ભાજપના કાર્યકરો ઉમટી પડયા હતા. અને ઉજવણીના અતિરેખમાં સોશિયલ ડિસ્ટન્સ તથા માસ્ક જેવા કોવિડ નિયમોને ધોળીને પી જવાયા હતા.

આવી પાર્ટીઓ સામે ખુદ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સખત નારાજગી વ્યકત કરી છે. વડોદરા પોલીસ આજે હરકતમાં આવી હતી.

અને ભાજપ નેતાની પાર્ટીમાં મહાલનાર ભાજપના છ કાર્યકરોને ધરપકડ કરી દીધી છે. અન્ય બે કાર્યકરો વોન્ટેડ છે. પોલીસે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ નિયમોના ભંગનો ગુનો નોંધીને ફરીયાદ દાખલ કરી હતી.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

વાવાઝોડુ 'બુરેવી' તામિલનાડુના દરિયાકિનારે ત્રાટકયું

૨૪ કલાક દરિયો તોફાની બનશેઃ તામિલનાડુના અસરગ્રસ્ત વિસ્તારોમાં રજા જાહેરઃ તામિલનાડુ અને કેરળમાં ધોધમાર વરસાદ ચાલુ, ૮૦ થી ૯૦ કિ.મી.ની ઝડપે તોફાની ફૂંકાતો પવન, દરિયામાં ઉંચા– ઉંચા મોજા ઉછળી રહ્યા છેઃ વાવાઝોડુ નબળુ પડી કાલે અરબી સુમદ્રમાં પહોંચશે

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર કાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play SK NEWS

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

શ્રધ્ધાજંલિ / બેસણું

જાહેર ખબર પ્રકાર	આવૃતિ	સાઈઝ	ભાવ
બેસણું/શ્રધ્ધાજંલિ	રાજકોટ	5x2	200

5% GST

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

125, સ્ટાર ચેમ્બર,
હરિહર ચોક,
પંચનાથ પ્લોટ,
રાજકોટ-360001

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

આજે જ સૌરાષ્ટ્ર કાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્કાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI
Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Whatsapp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો
તમારી આસપાસ બનતી કોઈપણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસવીરને અમારા સુધી પહોંચાડો.
કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર **Whats App** કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

કૃષિ સંબંધિત ત્રણ કાયદાઓ પરત ખેચવા માંગ

કિસાનો-ખેતમજુરોને નુકશાન, મુઠ્ઠીભર મૂડીપતિઓને ફાયદો

રાજકોટ કલેકટર મારફત રાષ્ટ્રપતિને આવેદન પાઠવતું કોંગ્રેસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા ૪

કેન્દ્ર સરકારના કૃષિ બીલ મુદ્દે ખેડૂતોએ છેલ્લા આઠ દિવસથી દિલ્હીમાં ધામા નાખ્યા છે. કાયદો રદ કરવા અને એમએસપી અંગે લેખિત બાહેધરી આપવા ખેડૂતોએ માંગણી કરી હતી. દિલ્હીમાં ચાલતા ખેડૂત આંદોલનને સમર્થન આપવા આજે સવારે કોંગ્રેસ (આઈએનસી) રાષ્ટ્રપતિને સંબોધી રાજકોટ જિલ્લા કલેકટરને આવેદન પાઠવ્યું હતું. આવેદનમાં જણાવ્યું હતું કે,સરકાર દ્વારા પ્રસ્થાપિત સંસદીય પ્રણાલીનો ભંગ કરીને મૌખિક મતદાન દ્વારા ઉતાવળે ચચી વગર પસાર કરવામાં આવેલા કૃષિ સંબંધિત ત્રણ કાયદાઓ તત્કાળ પરત ખેંચી રદ કરવા આ ત્રણ કૃષિ વિધેયકો પર મત વિભાજન માટે કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોની માગણીને ધરાર ફગાવી દઈને મોદી સરકારે દેશના કર કરોડ કિસાનો - ખેતમજૂરીની જિંદગી સાથે સંકળાયેલા કાળા કાયદા પસાર કરાવી લેતા સમગ્ર દેશના કિસાનો , ખેતમજૂરી, મેડીના દુકાનદારો, મંડીના શ્રમિકો, કર્મચારીઓ, નાના ટ્રાન્સપોર્ટર્સ સહિત કરોડો લોકોનો ઉગ્ર વિરોધ - વંટોળભભૂકી ઊઠયો છે, અનાજ અને શાકભાજી બજાર અર્થાત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (એપીએમસી) નાબૂદ કરવાથી કૃષિ પેદાશ ખરીદી વ્યવસ્થા સંપૂર્ણપણે ખતમ થઈ જશે.આ સ્થિતિમાં ખેડૂતો ન તો પ લઘુતમ સમર્થન મૂલ્ય (એમએસપી) મળશે કે ન તો બજારભાવ પ્રમાણે તેમના પાકની કિંમત મળશે.જો સમગ્ર દેશમાં કૃષિ ઉપજ બજાર વ્યવસ્થા ખતમ થઈ જશે તો તેનાથી સૌથી મોટું નુકસાન કિસાનો - ખેતમજૂરોને થશે અને સૌથી વધુ ફાયદો મૂઠ્ઠીભર મૂડીપતિઓને થશે આમ આ ત્રણેય વિધેયકો દેશના સંપીય માળખા પર સીધા પ્રહાર સમાન છે . કૃષિ અને બજારો બંધારણના ૭ માં શેડ્યુલ હેઠળ રાજ્ય સરકારોના અધિકાર ક્ષેત્રમાં આવે છે ,

પરંતુ મોદી સરકારે આ મુદ્દે રાજ્ય સરકારોને વિશ્વાસમાં લેવાનુંમુનાસિબ માન્યું નથી . આમ આ પગલું સંવૈધાનિક જોગવાઈના ઉલ્લંઘન સમાન છે. આમ કોંગ્રેસે રાષ્ટ્રપતિને આ બાબતમાં દરમિયાનગીરી કરવા અને કાયદામાં પરિણમેલા આ કૃષિ સંબંધિત વિધેયકોને તત્કાળ પાછા ખેંચીને રદ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા અનુરોધ કર્યો છે.

રાજકોટ-ગોડલ હાઈ-વે પર હથીયાર સાથે શખ્સની ધરપકડ

યુનીવર્સિટી રોડ પરથી શાપરનો શખ્સ તમંચા સાથે ઝડપાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
રાજકોટ તા ૪

શાપર-વેરાવળમાં રાજકોટ-ગોંડલ નેશનલ હાઈ-વે પર આવેલા તેજસ્વી હનુમાન મંદીર પાસેથી રૂરલ એસઓજીની ટીમે રાજકોટના શખ્સને પીસ્ટલ અને જીવતા કાર્ટીસ સાથે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ રૂરલ એસઓજી.ના પીઆઈ એ.આર.ગોહિલ,ની સુચનાથી પી.એસ.આઈ એચ.ડી.હિંગરોજા એ.એ.સ.આઈ.ઉપેન્દ્ર સિંહ, પરવેઝભાઈ, હેડ કોન્સ્ટેબલ અમિતભાઈ, કોન્સ્ટેબલ વિજયગીરી સહિતનો સ્ટાફ રૂરલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે સ્ટાફે ને મળેલ ચોકક્સ બાતમીના આધારે શાપર-વેરાવળમા રાજકોટ ગોંડલ નેશનલ હાઈ-વે પર આવેલા તેજસ્વીની હનુમાન મંદીર પાસેથી દિવ્યેશ ઉર્ફે દીવલા જેરામ ઠુંમર (રહે રામનગર-શેરી.૩ કોઠારીયા ચોકડી રાજકોટ) વાળાને પોલીસે દબોચી લઈ તેની તલાસી લેતા તેના નેફા માંથી એક દેશી બનાવટની પીસ્ટલ કિંમત રૂ.૨૦ હજાર,જીવતા કાર્ટીસ એક મળી આવતા પોલીસ રૂ.૨૦૧૦૦નો મુદામાલ કબજે કરી શખ્સની ધરપકડ કરી વધુ તપાસ અર્થ આરોપીનો કબજો શાપર-વેરાવળ પોલીસને સોપ્યો હતો.

જયારે અન્ય એક બનાવમાં રાજકોટ શહેરના યુનીવર્સીટીરોડ પર જે.કે.ચોક પાસેથી પ્રકાશ ઉર્ફે પકો રણછોડ પરમાર (રહે શીતળા મંદીર પાસે ક્રિષ્ના પાર્ક સોસાયટી શાપર-વેરાવળ)નામના શખ્સને યુનીવર્સીટી પોલીસના પીઆઈ એ. એસ. ચાવડા,પી. એસ. આઈ એ. બી. જાડેજા સહિતના સ્ટાફે દબોચી લઈ તલાસી લેતા તેના કબજા માંથી દેશી બનાવટનાં તમચો કિમત રૂ૧૦ હજારનો મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી છે.

આચાર્ય વનીતાબેન રાઠોડે અભિનંદન પાઠવ્યા

શાળા નં.૯૩ની વિદ્યાર્થીનીએ મેળવ્યો એમબીબીએસમાં પ્રવેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા ૪

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શ્રી વિનોબા ભાવે પે. સે.શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની રાઠોડ રોશની દિનેશભાઈ ઢો. ૧થીટ શાળા નં. ૯૩માં ભણી છે. હાલમાં જ મેડીકલ એડમીશનમાં એમબીબીએસમાં સરકારી કોલેજમાં તેણે પ્રવેશ મેળવેલ છે. સરકારી શાળામાં ધોરણ ૧થી ૮નો પાયો મજબુત હોવાથી જ એમબીબીએસ સુધીની યાત્રામાં તેણે સફળતા મેળવેલ છે. તથા સામાન્ય પરિવારમાંથી પણ ઉચ્ચ અભ્યાસ મેળવેલ છે. સરકારી શાળામાંથી પણ વિદ્યાર્થીઓ ઉચ્ચ કારકિર્દી ઘડી શકે છે. તેનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. શાળા નં.૬૩ના સમગ્ર શાળા પરિવારે તેને અભિનંદન પાઠવ્યા છે. તથા મેડીકલ કોલેજના પ્રવેશ મળતા આચાર્ય વનીતાબેન રાઠોડએ તેમના પરિવાર તથા વિદ્યાર્થીને શુભકામનાઓ પાઠવી છે.(૩.૯)

મુખ્ય અધિક સચિવ ડો.ગુપ્તાની અધ્યક્ષતામા બેઠક

અમદાવાદના ૬ વિસ્તારોને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાંથી મુક્તિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
અમદાવાદ તા ૪

અમદાવાદ શહેરમાં માઈક્રો કન્ટેઈન્મેન્ટ વિસ્તાર અંગે લેવામાં આવેલ અગત્યનો નિર્ણય અમદાવાદ શહેરમાં કોરોના સંક્રમણને અટકાવવા માટે લેવાઈ રહેલ શ્રેણીબધ્ધ પગલાંઓની સમીક્ષા માટેની બેઠક અધિક મુખ્ય સચિવ ડો.રાજીવકુમાર ગુપ્તાના અધ્યક્ષ સ્થાને મળેલ હતી.જેમાં,મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમાર, આઈ.એ.એસ તથા વિવિધ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરઓ,હેલ્થના ડે.મ્યુનિસિપલ કમિશનર આરોગ્ય અધિકારી વિગેરે રહેલ હતા. હાલમા અમદાવાદ શહેરમાં કુલ ૩૦૦ માઈક્રો કન્ટેઈન્મેન્ટ વિસ્તાર અમલમાં છે. જે પૈકી વિસ્તૃત ચર્ચા-વિચારણાને અંતે ૬ માઈક્રો કન્ટેઈન્મેન્ટ વિસ્તારને દુર કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જેમા કુબેરનગર, વસ્ત્રાલ, ઈસનપુર, ઘણીલીમડા, ઈન્દ્રપુરી અને લોડકદેવના વિસ્તારોનો સમાવેશ કરાયો છે.(૩.૧૧)

પુનિત સદગુરૂ ભજન મંડળ દ્વારા સ્વ.અભયભાઈ ભારદ્વાજને શ્રધ્ધાંજલિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

પુનિત સદગુરૂ ભજન મંડળ દ્વારા સ્વ.અભયભાઈ ગલયતરાય ભારદ્વાજને સંતપુનિતના ભજનો દ્વારા શ્રધ્ધાંજલી અર્પણ કરવાના પુનિતકાર્યક્રમનું આયોજન થયેલ જેમાં ભાવિકો સભ્યો જયશ્રીબેન, જયેશભાઈ, પૂર્વીબેન, પુનિતભાઈ, હેનિતભાઈ નથવાણી અને મંજુબેન કાનાણી(ખંભાળીયાવાળા)તથા સુંદરલાલ પાંઉ પરિવાર-કાનાભગત(સરપદડવાળા), ભયપ્રકાશ બૃધ્ધદેવ-મહેન્દ્રભાઈ માંડલીયા ભારતીબેન દવે અમુભાઈ ગોલાણીયા-વિજયભાઈ રાચ્છ-સંગીતાબેન સુચક તથા જીતુભાઈ દવે(એડવોકેટ) દ્વારા યોગદાન અપાયેલ આ તકે સ્વ.શાંતાબેન ગોરધનભાઈ ગોલાણીયાની સાતમી વાર્ષીક તિથ નિમીતે તેમને પણ શ્રધ્ધાંજલી અર્પણ કરાયેલ અંતમાં કોરોના મુકિતપ્રાર્થના દ્વારા પરમકૃપાળુ પરમાત્માને કોરોના સંપૂર્ણ નાબુદ થાય તથા દરેક મનુષ્યને સારૂસ્વાસ્થય પ્રદાન થાય તેવી પ્રાર્થના કરવામાં આવેલ(૩.૨)

પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટની અભયભાઈને ભાવભીની શ્રધ્ધાંજલિ

ટ્રસ્ટની સ્થાપનાથી જ જોડાયેલા અભયભાઈ ભારદ્વાજનાં સેવાકાર્યોને યાદ કરી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

પ્રગટ ચેરીટેબ ટ્રસ્ટના માર્ગદર્શક અભયભાઈ ભારદ્વાજના દુખદ અવસાનથી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ ઘેરા શોકની લાગણી અનુભવે છે.સ્વ.અભયભાઈ પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ ની સ્થાપના થીજ ટ્રસ્ટ સાથે જોડાયેલ હતા સ્વ.અભયભાઈ એ રાજકોટમાં ગરીબ દર્દીઓને ઈમરજન્સી સેવા માટે જચારે રાજકોટમાં વધુ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ ન હતી અને ૧૦૮ એમ્બ્યુલન્સની પણ સેવા ન હતી ત્યારે તેઓએ તેમના માતૃશ્રીના રમણાર્થ હરીદ્વ નારાયણ દર્દીઓની સેવા માટે એક એમ્બ્યુલન્સ સંસ્થાને ભેટ આપેલ આ એમ્બ્યુલનસની અર્પણ વીધીમાં સ્વ.ચીમનભાઈ શુકલ, સ્વ.કાંતીભાઈ વૈધ, વજુભાઈ વાળા પરમપૂજય ત્યાગ વલ્લભ સ્વાત્રી રાજયના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી, નલીનભાઈ ઝવેરી, ઈન્દ્રનીલ ભાઈ, રાજયગુરૂ તેમજ અભયભાઈ ના ભાઈ નિતીનભાઈ ભારદ્વાજ પરિવારજનોએ ભેટ અર્પણ કરેલ. સ્વ.અભયભાઈ ભારદ્વાજના માર્ગ દર્શન હેઠળ છેલ્લા ૨૦(વીસ)વર્ષથી સંસ્થા દવારા અગીયાર કન્યાઓના સર્વે જ્ઞાતી સમુહ લગ્નનું આયોજન કરવામાં આવતું આ વર્ષે પણ તા.૬ ડિસેમ્બરે રવિવારના રોજ સર્વ જ્ઞાતી સમુહ લગ્ન નું આયોજન કરવામાં આવેલ છે.જેમાં મુખ્ય મહેમાન પદે અભયભાઈનું નામ એક મહિના પહેલા આમંત્રણ કાર્ડમાં લખાઈ ચુક્યુ હતુ પણ કુદરત ને કઈક અલગજ મંજુર હતુ પરમ કૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને શાંતી અર્પે એવી પ્રાર્થના ટ્રસ્ટે અંતમા કરી હતી.(૩.૧૦)

પ્રેમ લગ્ન કરનાર યુવક-યુવતીનું અપહરણ કરનાર ભાઈ અને કાકાની ધરપકડ

આશાપુરાનગરમાં રહેતા યુવકની માતાએ ભક્તિનગરમાં પુત્ર અને પુત્રવધુનું અપહરણ કરનાર મેટોડાના ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
રાજકોટ તા ૪

કોઠારિયા રોડ પર હુડકો ક્વાર્ટર પાસે આવેલા આશાપુરા નગરમાં રહેતા યુવાને મેટોડાની પટેલ યુવતી સાથે પ્રેમ લગ્ન કરતા યુવતીના ભાઈ ભાઈ-કાકા સહિતના ચાર શખ્સોએ યુવક યુવતીનું અપહરણ કરી માર માર્યાની ફરિયાદનો પગલા ભક્તિનગર પોલીસે ગણતરીની કલાકોમાં યુવક અને યુવતીને છોડાવી યુવતીના કાકા અને ભાઈની ધરપકડ કરી છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ કોઠારિયા રોડ પર આવેલા આશાપુરા નગર શેરી નં. ૧૨માં રહેતી મીનાબેન પ્રફુલભાઈ ચોટાલીયા (ઉ.વ.૫૯)નામની કડિયા મહિલાએ ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેના દીકરા ઉદયએ મેટોડાની પટેલ યુવતી નિધિ ભાલોડી સાથે પ્રેમલગ્ન કર્યા હોય જે બાબતનો ખાર રાખી નિધિના પરિવારજનો કિશોર પ્રેમજી ભાલોડી, અશ્વિન પ્રેમજી, હાર્દિક અતુલ અને પરેશ રમેશ ભાલોડી સહિતના શખ્સો ગઈ કાલે તેમના ઘરે આવી પ્રેમ લગ્ન કરનાર ઉદય અને તેની પત્ની નિધિનું અર્ટીગા કારમાં અપહરણ કરી લઈ જઈ માર મારી ઈજા કરી નાસી ગયા હોવાની ફરિયાદ નોંધાવતા ભક્તિનગર પોલીસ મથકના પી.આઈ. જે.ડી. ઝાલા, પીએસઆઈ એસ.એન. જાડેજા, કોન્સ્ટેબલ ભાવેશભાઈ, દિવ્યરાજ સિંહ, રમેશભાઈ, પીએસઆઈ જે.બી. પટેલ, રણજીતસિંહ, મનરૂપગીરી, સલીમભાઈ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં જ અપહરણ થયેલા અપહુત યુવાન ઉદય અને તેની પત્ની નિધિને છોડાવી યુવતીનો ભાઈ હાર્દિક અતુલ ભાલોડી તથા તેના કાકા અશ્વિન પ્રેમજી ભાલોડીની ધરપકડ કરી નાસી ગયેલા કિશોર પ્રેમજી ભાલોડી તથા પરેશ રમેશ ભાલોડીની શોધખોળ આદરી છે.

અભયભાઈ ભારદ્વાજને શોકાંજલિ પાઠવતું વિજ્ઞાન જાથા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા ૪

રાષ્ટ્રના બહુમુખી પ્રતિભા ધરાવતા, હોનહાર રાષ્ટ્ર પુરુષ અભયભાઈના દુ:ખદ અવસાનના સમાચારઆઘાતજનક છે. સદગતની કાર્યશૈલી ચિરંજીવ રહેશે. કાયદાક્ષેત્રમાં તેમનું પ્રદાન કદી ભુલાશે નહિ. યુવા વકીલોમાં માર્ગદર્શક હતા. ભારદ્વાજ પરિવારને કદી ખોટ પુરાશે નહી. તેમને સાંત્વના પાઠવીએ છીએ જાથાની રાજ્ય અને પ્રાદેશિક કચેરી ઉપરાંત ૧૬ શાખાઓમાં બે મિનીટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. (૩.૨૦)

અભયભાઈ ભારદ્વાજને શ્રધ્ધાંજલિ પાઠવતા વોર્ડ.નં.૫ના કોર્પોરેટર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૦૪

રાજયસભાના સાસંદ અને પ્રખર ધારાશાસ્ત્રી અભયભાઇ ભારદ્વાજને વોર્ડ નં ૫ના કોંગી આગેવાનોએ શ્રધ્ધાંજલિ પાઠવી હતી. રાજકોટ મહાનગર વોર્ડ. ૫.ના કોંગ્રેસ આગેવાનો કોર્પોરેટર દક્ષાબહેન ભેસાણીયા ,પ્રમુખ હારદિપભાઈ રાઠોડ, ચાંદનીબેન લીંબાસીયા, મહિલા પ્રમુખ ગીતાબેન વ્યાસ, જીતેન્દ્ર ભાઈ રૈયાણી, અરવિંદ ભાઈ ભેસાણીયા, રાજુ ભાઈ લીંબાસીયા, કશ્યપ ભેસાણીયા, પીયુષ ભાઈ લીંબાસીયા, દિપક ભાઈ મકવાણા, જગદિશ ભાઈ પટેલ, રણછોડભાઈ સાકરીયા, ભગવાનજી ભાઈ વકરીયા, જગદિશ ભાઈ માલધારી, સહિતના આગેવાનો અભયભાઇ ભારદ્વાજના મોક્ષાર્થે પ્રાર્થના કરી હતી.(૩..૨૪)

યુવા એડવોકેટ રણજીત મકવાણાનો આજે જન્મદિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ: રાજકોટના યુવા એડવોકેટ રણજીત બી.મકવાણાનો આજે જન્મદિવસ છે. આજે તેમના જન્મદિન નિમિતે વકીલ મિત્રો, સમાજના આગેવાનો, સગા વહાલાઓ (મો.૯૮૯૮૧૩૭૫૯૧) ઉપર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. એડવોકેટ રણજીતભાઈના જન્મદિવસ પર 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી શુભકામનાઓ...

અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમ પર ફાયરીંગ કરનાર રાજસ્થાનના બે કુખ્યાત શખ્સ ઝડપાયા

લૂંટ,ફાયરીંગ,ઘરફોડ ચોરીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા બે શખ્સોને લોડેડ પીસ્ટલ સાથે સુરત પોલીસે દબોચી લીધા

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
સુરત તા ૪

સુરત ક્રાઈમબ્રાંચ નીટીમે હથિયારો સાથે લુંટ અને ફાયરીંગ ઘરફોડ ચોરી તેમજ અગાઉ અમદાવાદ ક્રાઈમબ્રાંચ ઉપર ફાયરીંગ કરનાર રાજસ્થાનના કુખ્યાત ગેંગના આરોપીઓને ૦૨ લોડેડ પીસ્ટલ તથા ૦૩ જીવતા કારતુસ સાથે મહિધરપુરા ખાતેના હીરાના ઓફીસમા હથિયારો બતાવી કરેલ હીરાની લુંટ તથા ઘરફોડ ચોરી તેમજ રાજસ્થાનના આર્મસ એકટના ગુનામા સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડયા છે.

આ અંગેની વિગત મુજબ સુરત શહેરમાં બનતા અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ કમિશનર તથા અધિક પોલીસ કમિશનર ટ્રાફિક એન્ડ ક્રાઈમ નાઓએ આપેલ સુચના અનુશંધાને નાયબ પોલીસ કમિશનર ક્રાઈમ તથા મદદનિશ પોલીસ કમિશનર ક્રાઈમ નાઓના માર્ગદર્શન હેઠળ અને પોલીસ ઈન્સ્પેકટર તથા પોલીસ સબ ઈન્સ્પેકટર ટીમના માણસો સાથે વર્કઆઉટમાં હતા.

દરમ્યાન આધારભુત બાતમી હકીકત આધારે વેડ દરવાજા જીલાણી બ્રીજ જતા જાહેર રોડ ઉપર નવાબ સાહેબની મસ્જીદ પાસે જાહેર રોડ પરથી આરોપી ગોવર્ધનસિંહ ઉર્ફે પીન્ટુસિંહ એસ/ઓ લાલસિંહ રાવણા રાજપુત (ઉ.વ.૨૬ રહે પ્લોટ નંબર ૬૭/એ પ્રભુનગર ૨ પોપટભાઈના મકાનમા ત્રીજા માળે તાપી નગર સાપે કતારગામ દરવાજા સુરત રહે-ગામ-તવાવ. તા. ભીનમાલ જી. જાલોર(રાજસ્થાન)વાળાના કમરના ભાગેથી એક લોડેડ દેશી પીસ્ટલ કી.રૂ.૧૦,૦૦૦/- તથા બે જીવતા કાર્ટીઝ કી.૨૦૦/- તેમજ વનેશીંગ એસ/ઓ દુર્જનસિંહ રાજપુત(ઉ.વ. ૨૪ રહે ગામ માંડોલીનગર થાના-રામસેન જી. જાલોર(રાજસ્થાન)વાળાના કમરના ભાગેથી એક દેશી બનાવટની લોડેડપીસ્ટલ કી. રૂ.૧૦,૦૦૦/- તથા એક જીવતો કાર્ટીઝ-કી રૂ.૧૦૦/- મળી કુલ દેશી બનાવટની પીસ્ટલ નંગ-૨ તથા જીવતા કાર્ટીઝ નંગ-૩ ની કુલ્લે કી.રૂ.૨૦,૩૦૦/-ની મતા સાથે ઝડપી પાડી મજકુર ઈસમો ૧૧૪ તથ જી.પી.એકટ કલમ-૧૩૫(૧)મુજબનો ગુનો રજીસ્ટર કરેલ છે.

આરોપીની પુછપરછ કરતા તેઓ કોઈ ગુનો કરવાના ઈરાદે પીસ્ટલ જેવા હથીયારો ધારણ કરી સુરત શહેરમા આવેલ હોવાનુ જણાવેલ તેમજ વધુ પુછપરછના આરોપી પીન્ટુસિંહ નાએ જણાવેલ કે તેણે પોતે પોતાન ગેંગના સાગરતો અમરસિંહ ઉર્ફે અમ્મુ ભીમસિંહ રાજપુત તથા બીજા ઈસમો સામે મળી મહીધરપુરા સુમુલડેરી રોડ ખાતેના બંગ્લામાંથી અગાઉ ઘરફોડ ચોરી નો ગુનો કરેલ છે.

તેમજ રાજસ્થાન ખાતેના પિંણ્ડવાડા પો.સ્ટેમા પોતે પોતાના સાગરીત દેવીસીંહ નામના ઈસમ સાથે મળી પીસ્ટલ વેચાણ કરવા જતા પોલીસે વોચ ગોઠવી પકડી પાડવાનો પ્રયત્ન કરેલ જે ગુનામા દેવીસીંહ હથીયારો સાથે પકડાઈ જતા પોતે પોતાના સાગરીત જગદીશ સાથે ત્યાથી નાશી ગયેલ હતો વિગેરે હકીકત જણાવેલ તેમજ અન્ય આરોપી વનેસીંહ એસ/ઓ દુર્જનસિંહ રાજપુતની પુછપરછમા તેને કબુલાત આપેલ છે કે તે પોતે જસવંતસિંહ ઉર્ફે જયવીરસિંહ ઉર્ફે જથુબન્ના એસ/ઓ ભવરસિંહ રાજપુત રહે ગામ-સાયલા(રાજસ્થાન)વાળા સાથે મહીધરપુરા ખાતેના હીરાના ઓફીસમા લુટ કરવાના ઈરાદે સુરત ખાતે આવી ગુનાને અંજામ આપેલ હોવાની હકીકત જણાવે છે.

તંત્રી સ્થાનેથી...

વિશ્વનાના અનાજ બજારોની નજર ભારતના કૃષિ ક્ષેત્ર પર શા માટે...?

ખેતીપ્રધાન દેશ ભારતમાં ખેતીવાડી ક્ષેત્રે અંદાજે ૬૫ કરોડ જેટલા લોકોને રોજગારી મળે છે, તો જીડીપીમાં પણ ૧૪ ટકા જેટલો હિસ્સો આપે છે અને દેશભરમાં સૌથી વધુ કૃષિ ઉત્પાદન આપવામાં પંજાબ અને હરિયાણાનો છે ત્યાર બાદ અન્ય રાજ્યો આવે છે. જેમાં ખાસ કરીને સમગ્ર દેશના કૃષિ ઉત્પાદનનો ૫૦ ટકા હિસ્સો પંજાબ અને હરિયાણા રાજ્યનો છે. આ બાબતને વિશ્વના અનાજ બજારો સમજી ગયા કે ભારતનું ખેતીવાડી ક્ષેત્ર સોનાનાં ઈંડા આપતી મરઘી છે. એટલે વિશ્વ ભરના અનાજ બજારોની નજર ભારતના કૃષિ ક્ષેત્ર પર પડી છે. અને એન કેન પ્રકારે તેના પર ડાયરેક્ટ-ઈનડાયરેક્ટ કબજો કરવાની મથામણ કરી રહ્યા છે. જે કારણે ભારત સરકાર દેશમાં નવા કૃષિ કાયદા લાવી લાગે છે. તેવુ નવા કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલન ચલાવતા લાખો કિસાનો કુચ કરીને દિલ્હી આવ્યા તેઓમાંના અનેકોનુ માનવું છે. નવા કૃષિ કાયદાને કારણે ખેડૂતોના ઉત્પાદનોની કિંમતો ઉત્પાદન ખર્ચ કરતાં પણ ઘટી જશે. ઉપરાંત ખેડૂતો લાંબો સમય પોતાના કેટલાક કૃષિ ઉત્પાદનો સંગ્રહ કરી શકે તેવી વ્યવસ્થા નથી કે સુવિધા નથી અને જે સંગ્રહ સુવિધા છે તે મર્યાદિત છે. ખેડૂતો માટે સ્થાનિક સ્તરે માર્કેટયાર્ડો છે એટલે ઉત્પાદનની કિંમત મળી રહે છે. તેમાં સરકારની કૃષિ ઉત્પાદન વેચાણ કિંમતો નક્કી કરેલ હોવથી.મતલબ ભાવ બાંધણી પ્રથાને કારણે ખેડૂતો પાયમાલ થતા નથી કે પુરતી કિંમત મળે છે અને આમ પ્રજાને પણ પૂરતા પ્રમાણમાં યોગ્ય કિંમતી અનાજ, કઠોળ વગેરે મળી જાય છે. તેવું કહેતા આંદોલન કરતા જગતાપસિધે કહ્યું કે અત્યારે માર્કેટમાં ઘઉંનો તૈયાર લોટની કિંમત ઘઉંની કિંમત કરતા ડબલ કિંમત લેવામાં આવે છે. ત્યારે ગરીબ, મધ્યમ વર્ગને છૂટક બજારોમાં ઘઉંનો એક કીલો લોટ રૂપિયા ૪૦ કે ૪૫ માં મળી રહે છે. મતલબ ગરીબ, મધ્યમ વર્ગ લૂટાશે. તો નવા કૃષિ કાનુને કારણે ખેડૂતોને કૃષિ ઉત્પાદનો વેચવા નુકસાન તો જશેજ પરંતુ ખેતીની જમીનો પણ વેચવી પડે તેવી સ્થિતિ બની શકે. એટલા માટે ખેડૂતો નવા કૃષિ કાનુનનો વિરોધ કરી રહ્યા છે.!!

અત્યારે કેન્દ્ર સરકાર નવા કૃષિ કાનુન બાબતે ભેરવાઈ ગઈ છે.! ખેડૂતોના આંદોલનમાં મજૂર સંગઠનો જોડાવા લાગ્યા છે તો હવે ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર ટેકો આપવાનું નક્કી કર્યું છે અને હડતાળ પર જવાના છે. બીજી તરફ દિલ્હીમાં દૂધ, શાકભાજી સહિતની અછત ઉભી થવા પામી છે જેથી દિલ્હી રાજ્યની પ્રજામા પણ સરકાર સામે આક્રોશ ફેલાયો છે. જો આંદોલન લાંબુ ચાલે અને ટ્રાન્સપોર્ટ હડતાળ પડે તો અનેક રાજ્યો મુશ્કેલીમાં મૂકાઈ જાય તેવી સ્થિતિ બની ગઈ છે.! નવા કૃષિ કાયદાના નિયમો અનુસાર હવે ખેડૂત પોતાના ઉત્પાદનો દેશના કોઈપણ રાજ્ય કે વિસ્તારમાં વેચવા માટે સ્વતંત્ર છે. જ્યારે કે અગાઉની ઉત્પાદનો વેચાણ પ્રણાલી ખેડૂત વિરોધી હતી. નવા કાયદા અનુસાર કૃષિ ઉત્પાદનની કિંમત નક્કી કરવામાં ખેડૂત ભૂમિકા બરઃબરની બની રહેશે અને પોતાની સમજૂતીને તોડી શકશે. અને તે માટે દંડ નહીં આપવો પડે. જ્યારે કે સમજૂતી કરનાર કંપનીઓ કે વેપારીએ ઉત્પાદનની નક્કી કરેલ કીમત આપવી પડશે અને તેમ ન કરે તો તેમને દંડ ભરવો પડશે. કરાર એટલે કે સમજૂતીના ત્રણ દિવસમાં નક્કી કરેલ કિંમત ચૂકવી દેવી પડશે. ૧૦ હજારથી વધુ કૃષિ ઉત્પાદન સંગઠનો નાના ખેડૂતોને કંપનીઓ સાથે સમજૂતી કરવા માટે મજબૂત બનાવશે. સ્થાનિક સ્તરના વિવાદોને નિયમ અનુસાર સમાધાન કરાશે નહીં તો કોર્ટ દ્વારા તેનો નિકાલ કરવામાં આવશે.

દૈનિક રાશીફળ

તા.૦૪-૧૨-૨૦૨૦ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.):- સ્વાસ્થ્યમાં સુધારો થાય. નોકરીમાં પ્રમોશનના ચાન્સ. વેપારમાં નવુ મુડીરોકાણ ન કરવું.

વૃષભ(બ.વ.ઉ.):- ધાર્મિક યાત્રા પ્રવાસમાં સફળતા રહે. સંતાનોને નોકરી મેળવવામાં કોઈની મદદ મલવાની.

મિથુન(ક.છ.ઘ.):- આળસ વૃત્તિથી દૂર રહેજો નવું આયોજન સફળ થાય ભૌતિક સુખનો લગાવ વધવાનો.

કર્ક(ડ.હ.):- મુશ્કેલ લાગતુ કાર્ય આસાન થાય નિકટતા સાથીઓને સમજવાથી લાભ રહેવાનો.

સિંહ(મ.ટ.):- વ્યકિતત્વનો લાભ મલવાનો છે. માતુશ્રીનો સહકાર રહે. વિજાતીય આકર્ષણ વધવાનું નોકરીમાં ચીવટ જરૂરી.

કન્યા(પ.ઠ.ણ.):- જુના કર્જને લઈને ટેન્શન રહેવાનું આત્મવિશ્વાસ વધારવો - ઉધારી ધંધાર્થી દૂર રહેજો.

તુલા(ર.ત.):- ન ધારેલા લાભની આશા ફળવાની રાજકીય રીતે કોઈ લાભની આશા

વૃશ્ચિક (ન.ય.):- કારણવગરના વિચારોને ટાળવા નવી નોકરીની ઓફર બાબત કોઈ ઉતાવળ ન કરવી.

ધન (ભ.ધ.ફ.ઢ.):- સામાજીક કાર્યોમાં સફળતા મલવાની કર્જ કરવાથી દૂર રહેજો ચમત્કારની અપેક્ષા ન રાખવી.

મકર (ખ.જ.):- સંતાનોની પ્રગતિ માટે અનુકુળતા વાળો સમય રહેવાનો. કાનૂની પ્રશ્નોમાં સફળતા વિદેશથી લાભ.

કુંભ(ગ.શ.સ.):- મિત્રોનો સહકાર સારો રહેવાનો છે. પાર્ટીનું આયોજન થાય. સગાઈ લગ્નના કાર્યોમાં સફળતા.

મીન(દ.ચ.ઝ.):- આવકનું પ્રમાણ જળવાઈ રહેવાનું વેપારમાં નવા ભાગીદારોનો સહકાર રહે. ઉધારાથી દૂર રહેજો.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૦૪-૧૨-૨૦૨૦, ગુરૂવાર, નિજ કારતક વદ-૪, સૂર્યોદય-૭-૧૨, સૂર્યાસ્ત-૬-૦૦, જૈન નવકારશી-૮-૦૦, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ પુનર્વસુ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

અભિજીત-૧૨-૧૬થી ૧૨-૫૯ સુધી, ૭-૧૩ થી ચલ-લાભ-અમૃત-૧૧-૧૬ સુધી, ૧૨-૩૭થી શુભ-૧૩-૫૮ સુધી, ૧૬-૪૦થી ચલ-૧૮-૦૧ સુધી, ૨૧-૧૯થી લાભ-૨૨-૫૮ સુધી

- શુભ હોરા-

૭-૧૩ થી ૯-૫૫ સુધી, ૧૦-૪૯થી ૧૧-૪૩ સુધી, ૧૩-૩૧થી ૧૬-૧૩ સુધી, ૧૭-૦૭થી ૧૮-૦૧ સુધી

સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ઐતિહાસિક નિર્ણયઃ ભાંગને ગણાવી દવા

મતદાનમાં ભારત અને પાકિસ્તાને વિરોધમાં મત આપ્યો

(એજન્સી સમાચાર)

ન્યુ દિલ્હી,તા.૪

સંયુક્ત રાષ્ટ્રસંઘમાં થયેલા ઐતિહાસિક મતદાન બાદ ભાંગને આખરે એક દવા તરીકેની માન્યતા આપવામાં આવી છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના નિષ્ણાતોની ભલામણ બાદ સંયુક્ત રાષ્ટ્રએ આ નિર્ણય કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રના માદક પદાર્થ આયોગે ભાંગને એ ડ્રગ્સની યાદીમાંથી હટાવી દીધી છે જેમાં હેરોઈન જેવા ખતરનાક ડ્રગ્સ પણ સામેલ હતા. આ લિસ્ટમાં એ તમામ ડ્રગ્સને રાખવામાં આવે છે જે ઘણા જ એડિક્ટિવ છે, માણસોના સ્વાસ્થ્ય માટે ઘણા ખરાબ હોય છે અને જેમના મેડિકલ ફાયદા ઘણા ઓછા અથવા ન બરાબર હોય છે. હવે આ લિસ્ટમાંથી ભાંગને હટાવી દેવામાં આવી છે. જોકે યૂએનના કાયદા પ્રમાણે ભાંગને હજુ પણ નોન મેડિકલ ઉપયોગ માટે એક પ્રતિબંધિત ડ્રગ્સ જ માનવામાં આવી છે.

પ્રતિબંધિત માદક પદાર્થોની યાદીથી નીકાળવા માટે સંયુક્ત રાષ્ટ્રએ મતદાન કરાવ્યું હતુ. આ મતદાનના પક્ષમાં ૨૭ દેશોએ તો ૨૫ સભ્ય દેશોએ આની વિરુદ્ધમાં મતદાન કર્યું. આ ઐતિહાસિક વોટિંગ દરમિયાન અમેરિકા અને બ્રિટને બદલાવના પક્ષમાં મતદાન કર્યું. તો ભારત, પાકિસ્તાન, નાઇઝીરિયા અને રશિયાએ બદલાવનો વિરોધ કર્યો. યૂએનના આ નિર્ણય બાદ ભાંગથી બનેલી દવાઓના ઉપયોગમાં વધારો જોવા મળી શકે છે. આ ઉપરાંત ભાંગને લઈને સાયન્ટિફિક રિસર્ચમાં પણ ઘણો જ વધારો જોવા મળી શકે છે.

યૂએનના આ નિર્ણય બાદ માનવામાં આવી રહ્યું છે કે અનેક દેશો પણ ભાંગ અને ગાંજાના ઉપયોગને લઈને પોતાની પોલિસીમાં બદલાવ લાવી શકે છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ભાંગ અને ગાંજાના મેડિકલ ફાયદાને લઈને ચર્ચા ઘણી તેજ થઈ છે. અત્યારે ૫૦થી વધારે દેશોએ ભાંગની મેડિકલ વેલ્યૂને સમજતા કોઈને કોઈ રીતે કાયદેસર કરી છે. કેનેડા, ઉરૂગ્વે અને અમેરિકાના ૧૫ રાજ્યોમાં આના રિક્રિએશનલ અને મેડિકલ ઉપયોગને કાયદેસર કરવામાં આવી છે. તો અનેક રિપોર્ટ્સમાં એ પણ સામે આવ્યું છે કે ભારતમાં ગેર-કાયદેસર રીતે ગાંજાની દિલ્હી અને મુંબઈ જેવા શહેરોમાં માંગ રહે છે. જોકે આ હજુ પણ દેશમાં પ્રતિબંધિત છે.(૯)

અમદાવાદમાં વેક્સિનની ટ્રાયલ માટે ગૃહિણીઓનો ઘસારો વધતાં સમય બદલાયો

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૪

દેશમાં કોરોનાના વધતા હાહાકાર વચ્ચે હવે કોર્ટ દ્વારા પણ સરકારને એક્શન લેવા સૂચન કર્યું છે. આ બધાની વચ્ચે હવે કોરોનાની વેક્સિન પર સૌની આશા છે. સોલા સિવિલમાં ચાલી રહેલી કોરોનાની વેક્સિનની ટ્રાયલ માટે રોજ અનેક ઇકન્વાયરી આવી રહી છે, પણ ગૃહિણી, નોકરી કરતા લોકો બપોરના સમયે વેક્સિન માટે આવી શકતા ન હતા, તેથી હવે સાંજ સુધી કોરોનાની વેક્સિનની ટ્રાયલ આપવામાં આવી રહી છે. હજી પણ કોરોનાની વેક્સિનની ટ્રાયલ વિશે લોકોમાં ક્યાંક પ્રશ્નો છે, જેથી મોટી સંખ્યામાં લોકો વેક્સિન લેવા આવ્યા નથી. સોલા સિવિલ હોસ્પિટલમાં ભારત બાયોટેકની કોરોના માટેની વેક્સિનની ટ્રાયલ આવી છે. આ વેક્સિન માટે તંત્ર દ્વારા મહિને ૭૫૦ રૂપિયા આપવામાં આવી રહ્યા છે. બીજી તરફ, વેક્સિન માટે મોટા પ્રમાણમાં મિડલ એજના લોકો, તેમાં પણ ખાસ કરીને ગૃહિણી અને નોકરી કરતા લોકો આવી રહ્યાં છે.

કોરોના વેક્સિનની ટ્રાયલ સાથે જોડાયેલા ડોક્ટરે જણાવ્યું હતું કે પહેલાં અમે વેક્સિન માટેનો ટાઈમિંગ ફિક્સ રાખ્યો હતો, પણ અમારા પર અનેક લોકોના ફોન આવ્યા અને તેઓ આ સમય પર આવી શકે તેમ ન હતા, જેથી અમે હવે સવારથી સાંજના ૫ વચ્ચા સુધી વેક્સિન આપી રહ્યા છે.(૯)

સુરત ઓએનજીસી બ્લાસ્ટઃ પ્રદૂષણ બદલ જીપીસીબીએ ૧ કરોડનો દંડ ફટકાર્યો

(એજન્સી સમાચાર)

સુરત,તા.૪

હજીરા સ્થિત ઓએનજીસી કંપનીની પાઇપ લાઇનમાં અઢી મહિના પહેલા થયેલા બ્લાસ્ટના કારણે વાતાવરણમાં પ્રદૂષણ ફેલાવવા બદલ જીપીસીબીએ ઓએનજીસીને વળતર પેટે રૂપિયા ૧ કરોડનો દંડ કર્યો છે. આ રકમ તેમણે સરકારી ખાતામાં જમા કરાવવાની રહેશે.

હજીરા વિસ્તારની ઓનએનજીસીમાં ગત ૨૪-૯-૨૦૨૦ ના રોજ પાઇપલાઇનમાં વિસ્ફોટ થયો હતો. ૧૦ કિ.મી સુધી તે સંભળાયો હતો. આ મુદ્દે કાંઠા વિસ્તાર પરિવર્તન ટ્રસ્ટે કેન્દ્રીય પર્યાવરણ પર્યાવરણ મંત્રાલય, જિલ્લા કલેકટર, જીપીસીબી તથા કેન્દ્રીય પ્રદુષણ બોર્ડમાં ફરિયાદ કરી હતી કે વિસ્ફોટથી પર્યાવણમાં ઝેરી ગેસ જેવા કે સલ્ફર, નાઇટ્રોજન, અશુદ્ધિઓ વાતાવરણમાં ફેલાઇ ગઇ હતી. તેમજ શોકવેવના કારણે લોકોના ઘરના કાચને પણ નુકસાન થયુ હતુ. જીપીસીબીએ ઓએનજીસીને એક્ષપર્ટ કમિટી બનાવી થયેલા નુકસાનની ચકાસણી કરી વળતર આપવા માંગ કરી હતી. કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (જીપીસીબી) ને યોગ્ય પગલાં લેવા આદેશ કર્યો હતો. આ આદેશના પગલે જીપીસીબી બોર્ડના એર એકટ ૧૯૮૧ હેઠળ આપેલ દિશાનિર્દેશ અનુસાર સ્થાનિક પર્યાવરણને થયેલ નુકસાનની વચગાળાની રકમ માટે ઓનએનજીસી હજીરાને રૂપિયા ૧ કરોડ જીપીસીબીમાં જમાં કરાવવા આદેશ કર્યો છે. સાથે જ ભવિષ્યમાં આવી દુર્ઘટના નહીં થાય એ પર્યાવરણને નુકસાન નહીં થાય તે માટે કંપનીની અંદર જરૂરી સલામતીના ભાગરૂપે સાધનો મુકવા માટે પણ તાકીદ કરાઇ છે.(૯)

રાજ્યની ૬,૦૦૦ શાળાઓ બંધ કરવાની સરકારની હિલચાલ : કોંગ્રેસ

શાળાઓ બંધ કરવાના અવિચારી નિર્ણયને તાત્કાલિક રદ કરવા કોંગ્રેસની માંગ

(એજન્સી સમાચાર)

ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં સરકારી શાળાઓમાં ઓછી સંખ્યાના નામે રાજ્ય સરકાર લાંબા સમયથી પ્રથમ સૈધ્ધાંતિક નિર્ણય અને ત્યારબાદ ગ્રામ્ય વિસ્તારમાં શાળાઓને ઓછી સંખ્યાના નામે બંધ કરવાનું મોટાપાયે શરૂ કરી નાખ્યું છે. ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારની ૬,૦૦૦ જેટલી સરકારી શાળાઓ આગામી સમયમાં બંધ કરવા તરફ સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે જેના પરિણામે ગ્રામ્ય વિસ્તારના બાળકોને ખાસ કરીને કન્યા શિક્ષણ પર મોટો ફટકો પડશે.

આદિવાસી વિસ્તારની સ્થિતિ તો અત્યંત નાજુક હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડો. મનીષ દોષીએ જણાવ્યું છે. તેમણે ગુજરાતના મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી સહિત સક્ષમ સત્તાવાળાઓને ઉદ્દેશીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં છેલ્લા ઘણા વર્ષોથી સરકારી અને ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરવાની રાજ્ય સરકાર નીતિરીતિ હોય તે રીતે એક પછી એક પગલા ભરી રહી છે. સરકારી અને ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષકોની નિમણૂંકોમાં અતિ વિલંબ કરવામાં આવે છે.

તેની સાથોસાથ ગ્રાન્ટેડ સંસ્થાઓના માળખાને તોડી નાખવા માટે આ સંસ્થાઓમાં અવસાન, નિવૃતિ સહિત ખાલી પડેલી જગ્યાઓ પર નિમણૂંક અંગે મંજૂરી કે કાર્યવાહી શિક્ષણ વિભાગ કરી રહ્યો નથી. ગ્રાન્ટેડ સંસ્થાઓને ફરજીયાત સેલ્ફ-ફાઈનાન્સ વર્ગો શરૂ કરવા અને ક્રમશઃ ગ્રાન્ટેડ વર્ગો બંધ કરવા આયોજન બધ્ધ રીતે શિક્ષણ વિભાગ દબાણ કરીને શિક્ષણના વેપારીકરણ-ખાનગીકરણને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે.

દાહોદના ખરેડી પાસે કુખ્યાત સાયકો કિલર દિલિપ દેવળનું એન્કાઉન્ટર

મધ્યપ્રદેશ પોલીસ સાથે ગોળીઓની રમઝટ, પાંચ પોલીસ કર્મી ઘાયલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

દાહોદ થી માંડીને મધ્યપ્રદેશના અનેક શહેરોમાં આંતક મચાવનાર ખુખ્યાત સાયકો કિલર દિલિપ દેવળનું ગોળીબારની સામ સામી રમઝટ બાદ મધ્યપ્રદેશ પોલીસે આજે વહેલી સવારે એન્કાઉન્ટર કરી નાખ્યું હતું. દાહોદના ખરેડી ગામ ખાતે અથડામણ થઇ હતી. જેમાં ખુખ્યાત હત્યારો દિલિપ દેવળ ઠાર મરાયો હતો. ગોળીબારમાં મધ્ય પ્રદેશ પોલીસ દળના પાંચ જવાનોને પણ ઇજા થવા પામી હતી.

જાણવા મળ્યા મુજબ ખુખ્યાત દિલિપ દેવળ મધ્યપ્રદેશના રતલામ શહેરના એક જ પરિવારના ત્રણ સભ્યોની કરપીણ હત્યા અને લુંટના મામલામાં કોન્ટેક હતો. હત્યારો દાહોદની જેલમાં આજીવન કારાવાસ ભોગવી રહયો હતો. પરંતુ પેરોલ જંપ કરીને છેલ્લા બે વર્ષથી ફરાર થઇ ગયો હતો.

પાકિસ્તાનમાં અલભ્ય સેકડો હુબારા પક્ષીનો ખો કાઠશે સઉદી પાટવી કુંવર

નાણાની લાલચમાં ઈમરાનખાને પાર પાડયો કરોડોનો સોદો : સનસનાટી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

નવી દિલ્હી, તા.૪

સાઉદી અરેબીયાના વિવાદાસ્પદ પાટવી કુંવર પ્રીન્સ મહમદ બિન સલમાનના ઐયાસી ભર્યા શિકારના શોખને પુરો કરવા માટે પાકિસ્તાનના વડાપ્રધાન ઇમરાન ખાને નાણાની લોભ લાલચમાં તમામ મર્યાદાઓ નેવે મુકિ દિધી છે. વિશ્વમાં ખુબ જ અલભ્ય ગણાતા હુબારા પક્ષીઓનો પ્રીન્સ લહેરથી શિકાર કરી શકે એ માટે પાકિસ્તાને સાઉદી અરેબિયા સાથે કરોડો રૂપીયાનો સોદો કર્યો છે. અને હજારો હુબારા પક્ષી શિકાર માટે જ પ્રીન્સને સોંપી દેવાનો ઘાટ ઘડી નાખ્યો છે.

ખુદ પાકિસ્તાનમાં હુબારા પક્ષીના શિકાર પર પ્રતિબંધ છે. ત્યારે પાકિસ્તાને જંગી નાણાની લાલચમાં નિર્દોષ પક્ષીને વધેરી નાખવાનો ખુની ખેલ ખેલી નાખ્યો છે. જેની વિશ્વભરમાં ટીકા થઇ રહી છે. સુમાહિત ગાર સાધનોએ એવી ચોકાવનારી વાત કરી છે કે, પ્રીન્સને હુબારાના શિકારનો જબરો શોખ છે. જાતિય શકિત વધારવા માટે પ્રીન્સ હુબારાનો શિકાર કરવાની આદત ધરાવે છે. પ્રીન્સ સલમાન ખુદ પાકિસ્તાન જઇને હજારો હુબારા પક્ષીઓનો શિકાર કરી નાખશે. પર્યાવારણ માટે ખુબ જ મહત્વ ધરાવતા આ પક્ષીને ભારતમાં સૌન ચિડીયા તરીકે ઓળખવામાં આવે છે.

લોકડાઉનમાં મોબાઈલનો ઉપયોગ વધતા 30 ટકા લોકોને આંખના નંબર વધ્યા

(એજન્સી સમાચાર)

ભુજ,તા.૪

લોકડાઉનમાં લોકો સતત ઘરમાં રહીને એકતરફ કંટાળી ગયા છે,જેથી સતત મોબાઈલ અને લેપટોપ સહિતના ગેજેટ્સનો ઉપયોગ વધ્યો છે.અને બીજી તરફ ઓનલાઇન શિક્ષણમાં વિદ્યાર્થીઓ પણ મોબાઈલ સામે મોટાભાગનો સમય ગાળી રહ્યા છે. જેના પરિણામ હવે ધીરે-ધીરે સામે આવી રહ્યા છે.કચ્છ જિલ્લામાં આંખના નંબરના બદલાવ સાથે ૩૦ ટકા દર્દીઓમાં વધારો થયો છે,તો બાળકોને મોબાઈલની આદત પડી જતા હવે ડ્રાય આઈ અને મેદસ્વીપણાના રોગ વધી રહ્યા છે. ભુજના જાણીતા આંખના તબીબ ડો.સંજયભાઈ ઉપાધ્યાયે જણાવ્યું કે,સતત વધી રહેલા મોબાઈલ ઉપયોગના કારણે લોકોની આંખ સૂકાઈ રહી છે.જેથી ડ્રાય આઈના કિસ્સાઓ દરરોજના દર્દીઓમાં સામે આવી રહ્યા છે.સ્કુલ જવાનું અને બહાર નીકળવાનું ઘટી જતા બાળકો હવે મોબાઈલ,લેપટોપ તરફ વળ્યાં છે.જેથી આંખનો વપરાશ અને સ્ક્રીનટાઈમ વધ્યો છે. જેથી બાળકોને જલ્દી નંબર આવી રહ્યા છે. ભુજના હોસ્પિટલ રોડ પર આવેલા નેત્રમ ચક્ષમાંના કન્સલ્ટિંગ ઓપ્ટોમેટ્રિસ્ટ સ્મિત.કે ગોરએ જણાવ્યું કે,આજે દોઢ વર્ષનું બાળક યૂટ્યૂબ ચાલુ કરી વિડીયો શોધી લે છે,મોબાઈલનો ઉપયોગ કરે છે.ભલે તેને એબીસીડી નથી આવડતી.તો બીજી બાજુ એક રિસર્ચ એવું કહે છે કે વસ્તીના ૫૦ ટકા લોકોને ૨૦૫૦ સુધીમાં માયોપિયા થઇ જશે.જે આંખના દૂરના નંબર વધવા સંબંધિત છે. સામાન્યતઃ વ્યક્તિને એક મિનિટમાં ૧૭-૨૦ વખત આંખ ઝપકાવવાની હોય છે, મોબાઈલ ઉપયોગ વખતે જે માત્ર લોકો ૭-૮ વખત જ બ્લિંક કરે છે. આ સાથે જ જો આંખમાં જોવામાં તકલીફ સર્જાય તો દર છ મહિને નંબર ચેક કરવા પણ તેમણે સૂચન કર્યું હતું.

શુદ્ધ મધ આપવાનો દાવો કરનાર મોટી-નાની બ્રાન્ડ પરીક્ષણમાં નિષ્ફળ

(એજન્સી સમાચાર)

ન્યુ દિલ્હી,તા.૪

દેશની તમામ મોટી બ્રાન્ડના મધમાં ભેળસેળ કર્યાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટએ શોધી કાઢ્યું છે કે મોટાભાગની કંપનીઓના મધમાં ચીની સુગર સીરપ એટલે કે ખાંડની ચાસણી ભેળવવામાં આવે છે. સીએસઈએ ૧૩ કંપનીઓના મધના નમૂનાની તપાસ કરાવી, જેમાંથી ૭૭ ટકામાં ભેળસેળ કરવામાં આવી હતી. સીએસઈએ મધના સેમ્પલની તપાસ પહેલા ગુજરાતના રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના સેન્ટર ફૉર એનાલિસિસ એન્ડ લર્નિંગ ઇન લાઇવસ્ટોક એન્ડ ફૂડમાં કરાવી.

અહીં તમામ મોટી કંપનીઓના સેમ્પલો પાસ થઈ થયા હતા, જ્યારે કેટલીક નાની કંપનીઓના સેમ્પલ નિષ્ફળ ગયા હતા. જ્યારે આ જ નમૂનાઓને જર્મની સ્થિત લેબમાં આંતરરાષ્ટ્રીય સ્તર પર માન્ય ન્યૂક્લિયર મેગ્નેટિક રેજોનેંસ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા, ત્યારે લગભગ મોટાભાગની તમામ મોટી-નાની બ્રાન્ડ નિષ્ફળ ગઈ હતી. પરીક્ષણમાં સમાવિષ્ટ ૧૩ બ્રાન્ડ્સમાંથી ફક્ત ત્રણ જ અહીં પરીક્ષણમાં સફળ રહી હતી. સીએસઈના ડાયરેક્ટર જનરલ સુનિતા નારાયણે બુધવારે દિલ્હીના ઈન્ડિયા હેબિટેટ સેન્ટરમાં જણાવ્યું હતું કે, આ ભેળસેળ મધની શુદ્ધતા તપાસવા માટે નિર્ધારિત ભારતીય ધોરણો દ્વારા પકડી શકાય તેમ નથી, કેમ કે ચીની કંપનીઓ ખાંડની ચાસણી તૈયાર કરે છે, જે ભારતીય પરીક્ષણના ધોરણોમાં સરળતાથી ખરા ઉતરી જાય છે.

સંસ્થાનો દાવો છે કે ચાઇનામાં ઘણાં વ્યવસાયિક વેબ પોર્ટલ કાર્યરત છે કે જેઓ તપાસમાં પકડાય નહીં તેવી ખાંડની ચાસણી વેચવાનો દાવો કરે છે. આવી દાવા કરતી કંપનીઓ પણ તેમના ઉત્પાદનો ભારતમાં નિકાસ કરી રહી છે. આ દરમિયાન ડાબર અને પતંજલિએ સીએસઈના દાવાઓને નકારી દીધા છે. કંપનીઓનું કહેવું છે કે તે કુદરતી રીતે મધની ખેતી કરે છે. તેમને લાગે છે કે આ અહેવાલ તેની બ્રાંડની છબીને દૂષિત કરવાનો ઇરાદાપૂર્વકનો પ્રયાસ લાગે છે.(૯)

સીએમ રૂપાણીએ ઓનલાઈન મંજૂરી સીસ્ટમનો પ્રારંભ કરાવ્યો

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૪

આજે સીએમ રૂપાણીના હસ્તે ઓડીપીએસનું લોકાર્પણ કરવામાં આવ્યું હવે બાંધકામ માટે હવે રાજ્યમાં મળશે ઓનલાઇન મંજૂરી આપવામાં આવી છે. આજથી ઓફલાઇન મંજૂરી પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી છે અને ઓનલાઇન ડેવલપમેન્ટ પરમીશન સીસ્ટમ ૨.૦ આજથી શરૂ થશે. સીએમ રૂપાણીએ ઓનલાઇન મંજૂરી સીસ્ટમનો પ્રારંભ કરાવ્યો હતો. સીએમ રૂપાણીનું કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતુ કે, મારી સરકાર પારદર્શક સરકાર હશે, નિર્ણાયક સરકાર હશે. એટલે કહ્યું હતું હું ૨૦-૨૦ રમવા આવ્યું છું.

જાડી ચામડીવાળી સરકાર નથી

દેશમાં દર્દીઓની સંખ્યા ૯૫ લાખને પાર, ૨૪ કલાકમાં નોંધાયા ૩૫,૫૫૧ કેસ

વધુમાં મુખ્યમંત્રીએ કહ્યું કે કોરોના સંક્રમણને નાથવા પૂરતો પ્રયાસ ચાલું છે. તેમજ રિકવરી રેટ સારો છે અને મૃત્યુઆંક ઘટી રહ્યો છે. જેમા ગુજરાતની જનતાએ પૂરો સહકાર આપ્યો છે. આ સિવાય કેટલાક નેતાઓ કોવિડ ગાઇડ લાઇનનું પાલન કરતા નથી જેને લઇને પણ સીએમ રૂપાણીએ પ્રતિક્રિયા આપી હતી. નિયમો તોડતા નેતાઓ મુદ્દે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે દરેક વ્યક્તિએ નિયમનું પાલન કરવું જોઇએ. નિયમ તોડતા નેતાઓ સામે ગંભીર પગલાં લેવામાં આવે છે.(૯)

મોહાલીમાં ઠંડી અને ધુમ્મસવાળી સવારે શ્રમિકો તાપણું કરીને તેની આસપાસ પોતાને ગરમ કરે છે.

રાજકોટ કિશાન સંઘ દ્વારા કલેકટરને આવેદન

દર વર્ષે મોંઘવારી ભથ્થાની જેમ ખેતપેદાશોમાં ભાવવધારો આપવા માંગ

ખેતી સાથે જોડાયેલી ૬૦ થી ૭૦ ટકા વસ્તીની માંગ ન સંતોષાય તો આંદોલનની ચિમકી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

દિલ્હીમાં ખેડૂતો ઘણા દિવસથી ખેડૂતોના પ્રશ્નોને લઈને આંદોલન કરી રહયા છે આ જગતના તાતના જે પણ પ્રશ્નો છે તે પ્રશ્નોના સરકાર દ્વારા તાત્કાલિક તેમને સંતોષ થાય.તે રીતે નિવારણ લઈ આવે. તેવી માંગણી છે.રાજકોટ ભારતીય કિસાન સંઘે કરી છે.ત્યારે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સના ભંગ બદલ પોલીસ અટકાયત કરી હતી.

સરકારે સમજવું જોઈએ કે દર વર્ષે સરકાર મોંઘવારી ભથ્થાના વધારા કરી રહયા છે.આ સરકારને કેમ સમજાતું નથી કે મોંઘવારી પ્રમાણે ખેડૂતોની જણસના ભાવ વધતા નથી,આ જગતનો તાત જાય તો ક્યાં જાય આ બેલેન્સ જાળવવું તે સરકારની નૈતિક જવાબદારીમાં આવે છે,આ બેલેન્સ સરકારના મગજમાં કેમ નથી આવતું. જ્યાં સુધી સરકારને આ ખેતીપ્રધાન દેશની અંદર આ સમજણ નહિ પડે અને દરેકને એક તાંતણે બાંધવા માટે સરકાર જ્યાં સુધી યોગ્ય પગલાં નહિ ભરે ત્યાં સુધી આ દેશનો ખેડૂત કોઈ દિવસ આગળ નહીં આવી શકે. ખેડૂતલક્ષી સરકારના કાયદા ઉપર ક્સિાનોને વિશ્વાસમાં નથી એના કારણે પણ છે.લોક્સભાની ચૂંટણી પહેલા સરકારે જાહેરાત કરી કે ખેડૂતોને દર વર્ષે ૬ હજાર રૂપિયા પ્રધાનમંત્રી સહાય યોજનાના નામે ખાતામાં આપવામાં આવશે. દોઢ વર્ષ પછી જે ખેડૂતોએ રીટર્ન ભરેલ છે.તે બધા ખેડૂતોને કોઈપણ જાતની જાહેરાત ક્યાં વિના રૂપિયા પાછા લઈ લીધા.

ઘણા સમયથી ભારતીય કિશાન સંઘ ની માંગણી છે એમએસપી નીચે

૨૦ વર્ષમાં ખેતપેદાશો અને અન્ય વસ્તુનો ભાવ વૃધ્ધિ દર

વસ્તુ	ક્વોન્ટીટી	૧૯૯૭ ભાવ	૨૦૨૦ ભાવ	ભાવ ટકામાં
સોનું	૧ તોલુ	૪૭૦૦	૫૫૦૦૦	૧૧૭૦%
પગાર	૧ મહિનો	૫૦૦૦	૫૫૦૦૦	૧૧૦૦%
ડીઝલ	૧ લીટર	૭.૧૫	૭૯.૦૦	૧૧૦૪%
કપાસ	૧ મણ	૪૬૦	૧૧૦૦	૨૩૯%
મગફળી	૧ મણ	૪૭૫	૧૦૦૦	૨૧૦%

ખેડૂતોના કોઈપણ માલનું વેચાણ થવું જોઈએ નહિ,વારંવાર માંગણી કરવા છતાં સરકાર આના ઉપર કોઈપણ પ્રકારના પગલા લીધા નથી. દરેક જિલ્લાની અંદર કૃષિ ન્યાયાલઈની અલગ વ્યવસ્થા કરવી જોઈએ.જેથી કરીને ખેડૂતોને તાત્કાલિક નયાય મળે.

ટૂંક સમયમાં અમાર માંગણી સંતોષવામાં આવે તેવી ભારતીય ક્સિાન સંઘ રાજકોટ જિલ્લા પ્રમુખ દિલીપભાઈ સખીયા, પી.વી.મણવર, ભરતભાઈ પીપળીયા,જીવનભાઈ વાછાણી, રકેશભાઈ હાપલીયા, મનોજ ડોબરિયા, મહિપાલસિંહ જાડેજા સહિતના આગેવાનો તેમજ જિલ્લા તાલુકાના કાર્યતા તથા તમામ ખેડૂતો પશુપાલકોની માંગણી છે.તે પૂર્ણ કરવામાંનહિ આવે તોમજબુરન ભારતીય ક્સિાન સંઘને આંદોલનનાં માર્ગે જવું પડશે.તેવી ચીમકી ઉચ્ચારી હતી.(૩.૨૩)

નવસારીના દિવ્યાંગ વૃધ્ધના આઈ.જી. ઓફીસ સામે ધરણાં

છેતરપિંડીનો ભોગ બનેલા દિવ્યાંગ વૃધ્ધ ન્યાય મેળવવા ઓફીસે પહોંચતા અધિકારીએ વ્યથા સાંભળી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

નવસારીના દિવ્યાંગ વૃદ્ધાએ રેન્જ આઈ.જી. ઓફિસ ખાતે ભૂખ હડતાળ પર બેઠા છેલ્લા ૧૧ વર્ષથી ન્યાય માટે ધકા ખાઈ રહ્યા છે. ગઈકાલે દિવ્યાંગ દિવસ હતો પણ પણ દિવ્યાંગ વૃદ્ધ ન્યાય માટે તડપી રહ્યો છે.

વૃદ્ધની જમીનને લઈને હેરાન કરાતા લોકો સામે નવસારી પોલીસ કોઈ કાર્યવાહી ન કરતી હોવાના આક્ષેપો લગાવવામાં આવી રહ્યા છે. અને છેલ્લા ૩ મહિના વૃદ્ધને મારી નાખવા માટે સતત હુમલા કરવામાં આવે છે. આ તમામ બાબતોથી ત્રસ્ત વૃધ્ધે ન્યાય માટે ધરણાં શરૂ કરતા આખરે અધિકારીએ વૃદ્ધને વ્યથા સાંભળવા બોલાવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.(૩.૨૪)

રમેશભાઈ જોષીનું મુળ વતન ટોબરા (ગીર) ખાતે સોમવારે બેસણું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષીના નાના ભાઈ રમેશભાઈ જોષીનું અવસાન થતા તેનું બેસણુ આવતીકાલે તા.૫ ના શનીવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન તેમના નિવાસસ્થાને રાખેલ છે તેમજ તેમનું મુળ વતન ટોબરા(ગીર) ખાતે તા.૭ ના સોમવારે સવારે ૧૦ વાગ્યાથી રાખેલ છે. (હરેશભાઈ જોષી-૯૪૨૬૯૫૯૫૬૫)

રામ જન્મભૂમિ નિર્માણ ધન સંગ્રહ અભિયાન અંતર્ગત

રાજકોટના આર્ષવિદ્યા મંદિર ખાતે સાધુ-સંતોની મિટીંગ યોજાઈ

વીએચપી સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા ૧૮ જિલ્લાના ૬ હજારથી વધુ ગામના ૨.૧૬ કરોડ લોકોનો સંપર્ક કરવા આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

અયોધ્યામાં દિવ્ય રામ જન્મભૂમિ નિર્માણની ભવ્ય તૈયારીઓ થઈ રહી છે ત્યારે શ્રી રામ જન્મભૂમિ જન્મતિર્થ ક્ષેત્ર , જન્મભૂમિ મંદિર નિમાર્ણમાં નિધી સંગ્રહમાં અભિયાન.

પમી ઓગષ્ટના દિવસે દેશભરની ૩૬ આધ્યાત્મીક પરંપરા અને નદીઓના જળથી પ્રધાનમંત્રીના હસ્તે ભૂમિ પૂજન કરવામાં આવેલ તેમજ રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરેલ. સંપૂર્ણ સંઘ પરિવાર દ્વારા સમગ્ર દેશમાં ધર્મપ્રેમી જનતા જોડાય તે માટે ૧૫ મી જાન્યુઆરીથી ૨ ૦ મી ફેબ્રુઆરી સુધી પુરા દેશમાં સંપર્ક અભિયાન શરૂ થઈ રહ્યું છે ત્યારે સમગ્ર દેશ વાસીઓ પાસે નિધી માટે આહવાન કરી રહ્યા છે, તેમજ શ્રી રામ જન્મભૂમિ તિર્થ શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ ધન સંગ્રહ અભિયાન, વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા ૧૮ જિલ્લાઓમાં, ૬,૩૦૫ ગામમાં બે કરોડ સોળ લાખની જન સંખ્યાનો સંપર્ક કરવામાં આવનાર છે , કુલ હિન્દુ જન સંખ્યા બે કરોડ, કુલ હિન્દુ પરિવાર ૫૦ લાખ હિન્દુ પરિવારનો સંપર્ક થનાર છે , જેમાં તેઓની પાસે સંપર્ક અને ધનરાસી આપવા આહવાન કરવામાં આવનાર છે જેમાં રૂા.૧૦ વાળી અને રૂા.૧૦૦ વાળી તેમજ તેથી વધુ ફંડ આપનાર માટે પહોંચ આપવામાં આવનાર છે. આજરોજ સૌરાષ્ટ્રના સાધુ - સંતોની મિટિંગ આર્થવિધા મંદિર , મુંજકા , રાજકોટ ખાતે શરૂ થઈ ગયેલ છે, જેમાં પરમાત્માનંદજી આત્માનંદ સરસ્વતીજી, વિવેક સાગરજી, રામચંદ્રદાસજી, ધર્મવત્સલ સ્વામી, કે.પી.સ્વામી, ભક્તિ પ્રસાદ સ્વામી, નિરંજનદાસજી, નારાયણબાપુ, કિર્તીદાસજી, ત્રિકમદાસજી, એસ.પી. સ્વામી, પ્રદિમાનંદજી, સ્વામી કૃષ્ણમણીજી, દેવજીભાઈ રાવત, વી.એચ.પી. , ભૂપતભાઈ ગોવાણી, વી.એચ.પી., કિશોરભાઈ મુંગલપરા, આર.એસ.એસ., મહેશભાઈ જીવાણી, આર.એસ.એસ. તેમજ વિભિન્ન સંપ્રદાયના સંતો-મહંતો અને મહામંડલેશ્વરો ઉપસ્થિત રહ્યા હતા.(૩.૨૩)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

ગુજરાતમાં આંદોલનનું રણશીંગુ ફુંકતી કોંગ્રેસ

કાર્યકરોએ મોટાપાયે દેખાવો કરવાનો નિકક્ષફળ પ્રયાસ કર્યો હતો. પોલીસે દેખાવો પહેલા જ અનેક કાર્યકરોને અટકાયત કરી લીધી હતી. રાજકોટમાં કોંગ્રેસે કલેકટર કચેરી જઈને આવેદન પત્ર આપ્યું હતું. અને કાર્યકરો શાતીથી વિખેરાઇ ગયા હતા. નવા કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હીની સરહદે નવ નવ દિવસથી આદોલન ચલાવી રહેલા પંજાબ હરિયાણાના ખેડૂતોને ટેકો જાહેર કરી ગુજરાત કોંગ્રેસે પણ આદોલનનું રણશીંગુ ફુંકી દીધુ છે. અમદાવાદમાં આજે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ નવા કૃષિ કાયદાના વિરોધમાં ઉગ્ર દેખાવો કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ દેખાવો કરે એ પહેલાજ કોંગ્રેસના ડઝનબંધ કાર્યકરોની પોલીસે અટકાયત કરી લીધી હતી. અને દેખાવોનો કાર્યક્રમ નિષ્ફળ બનાવ્યો હતો. પોરબંદર, જૂનાગઢ, મોરબી વગેરે સ્થળે પણ આજે કોંગ્રેસ દ્વારા રેલીઓ કાઠવામાં આવી હતી. અને દેખાવો કરવામાં આવ્યા હતા. પોરબંદરમાં કોંગ્રેસના પીઢ આગેવાન અર્જુનભાઇ મોઠવાડીયાએ ટ્રેકટર ચલાવી કાર્યકરોની રેલીની આગેવાની લીધી હતી. ભારતીય કિશાન સંઘે પણ મેદાનમાં આવી કિશાન આદોલનને ટેકો જાહેર કર્યો છે. રાજકોટમાં આજે સવારે કિશાન સંઘે દેખાવો કર્યા હતા. અને કલેકટર કચેરી જઇ આવેદન પત્ર આપ્યું હતું.

હૈદરાબાદનો 'નવો નિઝામ' બનવા ભણી ભાજપ

ધકેલાયો છે. અને ઓવૈસીની પાર્ટી મજલીસ ત્રીજા સ્થાન પર ફેંકાઇ જતા ઓવૈસીના ગઢનો ભુક્કો બોલી જવા પામ્યો છે. ગ્રેટર હૈદરાબાદ મહાનગર નીગમની મત ગણતરી સાંજ સુધીમાં પુરી થવાની શકયતા છે. બપોર સુધી પ્રામ થયેલા ટ્રેન્ડ મુજબ ભાજપ ૮૭ બેઠકો પર આગળ ચાલી રહયો છે. જયારે ટીઆરએસ ૩૩ બેઠક ઉપર આગળ છે. મજલીસ માત્ર ૧૭ બેઠકો પર આગળ ચાલી રહી છે. આથી હૈદરાબાદના નવા નિઝામ તરીકે ભાજપ પહેલી વખત દક્ષિણના આ ખુબજ મહત્વના ગણાતા મહાનગર પર સત્તારુઢ થશે તેવી પુરી શકયતાઓ દેખાઇ રહી છે. તેલનગણામાં ખુબ જ લોકપ્રિય ધરાવતા ટીઆરએસ માટે આ પરિણામો ખુબ જ આંચકા રૂપ પુરવાર થયા છે.

કૃષિ કાયદા રદ કરો : કિશાનોની એક જ માંગ

ગુજરાત કોંગ્રેસે પણ આંદોલનને ટેકો જાહેર કર્યો છે. અને ઠેર ઠેર દેખાવો તથા પ્રદર્શન કરવાની ચેતવણી ઉચ્ચારતા કેન્દ્ર સરકાર માટે ગંભીર પડકાર ઉભો થવા પામ્યો છે. હવે કેન્દ્ર સરકાર આગળ કેવું વલણ અપનાવે છે અને ખેડુતો સાથે સર્જાયેલી ગંભીર મડાગાંઠ ઉકેલવા કેવો વ્હયુ અપનાવે છે. એ આગામી દિવસોમાં પસ્ટ બની જશે.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

ભીસ્તીવાડના નામચીન ઈમરાન મેણુ આણી ટોળકી સામે ગુજસીટોકનો ગુનો દાખલ

પોલીસમંથકના પીઆઈ એલ.એલ.ચાવડા એ ફરિયાદી બની ભીસ્તીવાડના નામચીન એજાજ ઉર્ફે ટકો અકબર ઉર્ફે હકુભા ખીયાણી, મજીદ ઉર્ફે પપ્પુ સુલેમાન જુણાય, ઈમરાન જાન માહમદ મેણુ, રીયાઝ ઈસ્માઈલ દળ,રીઝવાન ઈસ્માઈલ દળ, યાસીન ઉર્ફે ભુરો ઓસમાણ કઈડા, શારદુપ ઉર્ફે રાજા અલ્લારખા ઉર્ફે બાબુજુણેજા માજીદ રફીક ભાણુ અને મુસ્તાફા અકબર ઉર્ફે હકુભા મીયાણી સહિત ૧૧ નામચીન શખ્સો વિરૂધ્ધ ધી ગુજરાત કંન્ટ્રોલ ટેરેરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ (જી.સી.ટી.ઓ.સી)એકટ ૨૦૧૫ ની કલમ ૩(૧)(૧), ૩(૧)(૨), ૩(૨) તથા કલમ ૩(૪) મુજબ તે એવી રીતે કે સંગઠીત ગુનાઓ આચરતી ટોળીના સાગરીતોના ગુનાઓ જેમા ખુન,વ્યથા,મહાવ્યથા,આર્મ્સ એકટ, એરોસીટી એકટ,ધાડ,ધમકીઓ,જુગાર,રાયોટીંગ, જીવલેણ હુમલા જેવા ગુન્હાઓ આચરેલ છે આ ટોળકી સાથે મળીને સંગઠીત થઈ રાજકોટ શહેર વિસ્તારની પ્રજામા ભય ફેલાવી પોતાની ધાક ઉભી કરવાના હેતુથી એકબીજા સાથે પોતાનું નેટવર્ક ઉભુ કરેલ છે.આમ ઉપરોક્ત તમામ નામચીન સાગરીતો ધી ગુજરાત કંન્ટ્રોલ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ (ગુજસીટોક) એકટ ૨૦૧૫ ની કલમ-૨ ની પેટા કલમ-૧ની પેટા (સી) (ઈ) (એફ)મુજબ ગુનો કરનાર ટોળી છે અને તેઓ એકબીજા સાથે સંગઠીત થઈ આવા ગુન્હાઓ વારંવાર અને સતત કર્યા રાખે છે આવા પ્રકાર ના ગુનેગારો ઉપર કાયદા મારફતે અંકુશ લાવવો ખુબ જ આવશ્યક બની જાય છે. આવા ગુનેગારો સમાજમાં ફરતા રહેતા આમ પ્રજામાં કાયમી માટે ભયનુ વાતાવરણ છવાયેલુ રહે અને તેની સમાજ ઉપર માઠી અસર પડે જેથી કાયદાકીય આ ગુનેગારોને નાથવા ખુબ જ જરૂરી હોય આ તમામ આરોપીઓ વિરૂધ્ધ ધી ગુજરાત કંન્ટ્રોલ ટેરરીઝમ એન્ડ ઓગેનાઈઝ ક્રાઈમ (ગુજસીટોક) એકટ ૨૦૧૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

કાયદાના દંડાથી ન સમજનારાને ભાન કરાવવામાં ધર્મ સંસ્થાઓ આગળ આવે

આપણા દેશમાં ધર્મ અને સંપ્રદાયોનો કે તેના અગ્રેસરોનો કોઇ તુટો નથી. આજે સમાજનો એ વર્ગ આળશ ખંખેરીને મેદાનમાં આવે અને લોકોને ગળે વાત ઉતરાવવાની ઝુબેશ શરૂ કરે તો ચોક્કસ પણે સમાજ જીવન પર તેની ધારી અસર થઇ શકે તેમ છે. માનવમન કાનુનની બેડીઓમાં જકડાવા કરતા ધર્મગુરૂઓએ આપેલા આદેશોનું રદયથી પાલન કરવાની સહજ વૃતિ ધરાવતું હોય છે.

આથી એ આજના સમયમાં અતિસય જરૂરી બન્યું છે કે, મંદિરો, મસ્જિદો અને અન્ય કોઇપણ ધર્મના આલિસાન મથકોમાંથી બહાર આવીને ધર્મગુરૂઓ લોકોને માસ્કનો ઉપદેશ આપે સાવચેતીની આલબેલ વગાડે લોકોની વચ્ચે ફરે એટલે ચોક્કસ પણે કાયદો અને ન્યાય તંત્ર જેનું પાલન કરાવી શકયા નથી અથવા તો પુરા સફળ થયા નથી. એ કોવિડ ગાઇડલાઇનનો અક્ષરશહ પાલન કરાવવામાં આપણી લોક પ્રીય ધર્મની પીઠો અને સંપ્રદાયોના વડાઓ ચોક્કસ પણે સફળ થઇ શકશે. એમા શંકાને કોઇ સ્થાન નથી.

ઈમરાન મેણુ આણી ટોળકીનો ગુનાહીત ઈતિહાસ

કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં હાલ અટક કરવામાં આવ્યા છે તે બન્ને પર છ-છ ગુના નોંધાયા છે.જયારે રીયાઝ ઈસ્માઈલ દલ પર છ ગુના છે તે હાલ મર્ડર કેસમાં જેલમાં છે,રીજવાન ઈસ્માલ દલ જેલમાં છે તેના પર પાંચ ગુનાઓ નોંધાયા છે,યાસીન ઉર્ફે ભુરો ઓસમાણ ક્યડા ઉપર સાત ગુના નોંધાયા છે,શાહરૂખ ઉર્ફે રાના ઓસમાણ ઉર્ફે બાબુ જુણાર ઉપર ચાર ગુના નોંધાયા છે.અને તે પણ હાલ જેલમાં છે જયારે એજાજ ઉર્ફે ટકો રીયાઝ ઈસ્માઈલ દલ નાસતો ફરતો હોય તેના પર હત્યાની કોશીષ સહિતના છ ગુના નોંધાયા છે.

રાજકોટની ઉદય કોવિડ હોસ્પિટલને કિલીન ચીટ આપવાની વેતરણ?

મળી છે. એ અંગે સરકાર શું કરવાની છે. એવો પ્રશ્ન થયો ત્યારે એ.કે.રાકેશે મૌન સીવી લીધુ હતું અને કોઇ જવાબ આપ્યો હતો એ સમયે હાજર કલેકટર, મ્યુ. અને પોલીસ કમિશનરને આ મુદ્દા પર કસુ પુછવાની તસદી પણ અધિકારી રાકેશે લીધી ન હોતી તેનો ઉલ્લેખ કરવો જરૂરી બન્યો છે.

જેતપુરમાં દુકાનદાર ચણાનો ઓછો જથ્થો આપતો હોવાની ફરિયાદ ઉઠી હતી

સસ્તા અનાજના દુકાનદારનું લાયસન્સ મોકૂફ કરાય તેવી શકયતા

રાજકોટ પુરવઠા અધિકારીની ટીમે ઘંઉ, ચોખા, તેલ સહિત જથ્થો સીઝ કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

જેતપુરના દરવાજા ચોક પાસે સસ્તા અનાજની દુકાનદાર કાજી ચાહ્યા ગફાર રેશનકાર્ડ ગ્રાહકોને બે કિલો ચણા આપવાને બદલે એક કિલો અપાતા હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી. રાજકોટ પુરવઠા શાખાની ટીમે રેશનકાર્ડ ધારકોના નિવેદન લઈ તપાસ કરતા દુકાનમાં રહેલ ઘંઉ ૪૯૦૦ કિલો, ચોખા ૪૦૦૦ કિલો, ખાંડ ૬૦૦ કિલો, ચણા ૪૦૦કિલો, તેલ ૪૭ લીટર, મીઠું ૧૮૬ કિલો મળી કુલ ૩૩૩૩૬ જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. જાણવા મળતી વિગત મુજબ આગામી દિવસોમાં સસ્તા અનાજની દુકાનદારનું લાયસન્સ ૯૦ દિવસ માટે મોકૂફ કરાય તો નવાઈ નહીં.(૧.૧૦)

રાજયસભાના સાંસદ અભયભાઈનું નિધન થતા

નીતિન ભારદ્વાજને સાંત્વના પાઠવતા સી.આર.પાટીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજના જયેષ્ઠ બંધુ અને રાજયસભાના સાંસદ અને વરિષ્ઠ ધારાશાસ્ત્રી અભયભાઈ ભારદ્વાજનું દુ:ખદ અવસાન થતા શોકમગ્ન નિતીનભાઈ તથા તેમના પરિવારજનોને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે તેમના નિવાસસ્થાન ખાતે સાંત્વના પાઠવી શોકની લાગણી વ્યક્ત કરી હતી અને દિવંતગ અભયભાઈને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય ગોવીંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, પ્રદીપ ડવ, સુરતના ધારાસભ્ય હર્ષભાઈ સંઘવી, પ્રદેશ ભાજપ અગ્રણી પ્રદિપસિહ વાઘેલા સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

મનપા ફૂડ શાખાનું હોસ્પિટલની કેન્ટીનોમાં ચેકીંગ

પાંચ હોસ્પિટલના ફૂડ સપ્લાયર પાસે લાયસન્સ ન હોવાનું ખૂલ્યું

સિવિલ સહિત ૧૪ હોસ્પિટલોમાં કોવિડ ગાઈડલાઈનનું પાલન અને સ્વચ્છતા જાળવવા સૂચના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

કોરોના વાયરસની પરિસ્થિતિની રોગચાળા અટકાયત માટે સરકારની ગાઈડલાઈન મુજબ મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં આવેલ હોસ્પીલટલમાં આવેલ કેન્ટીરનની ચકાસણી ઝુંબેશ હાથ ધરવામા આવેલ. આ ઝુંબેશ દરમ્યાાન સેનીટાઇઝરનો કર્મચારીઓ દ્વારા યોગ્ય ઉપયોગ કરવો, સાબુ અને પાણી થી હાથ ધોવાની વ્યવસ્થા રાખવી, પ્રીમાઇસીસની અંદર-બહાર સ્વચ્છતા અને હાઇજીનીક કન્ડીઆશન્સવ જાળવવી, ફરજીયાત માસ્ક પહેરવાના નિયમનુ કર્મચારીઓ દ્વારા પાલન કરવુ, સોશીયલ ડીસ્ટન્સીંગ જાળવવુ તથા ફુલ કેપેસીટીથી ૫૦ ટકા બેઠકોનોજ ઉપયોગ કરવો, પ્રીમાઇસીસની અંદર-બહાર બીનજરૂરી ભીડ એકત્રિત ન થવા દેવી અને કેન્ટીઇન માટેનુ-સપ્લાયરનુ માન્યિ ફૂડ લાયસન્સ સ્થળ પર ચેકીંગ કરી જરૂરી સૂચનાઓ આપેલ હતી. શહેરમાં આવેલ જુદી-જુદી હોસ્પિરટલમાં આવેલ કેન્ટીનનમા પણ ચકાસણી કરેલ જેમા પી.ડી.યુ. હોસ્પીટલ, પરમ હોસ્પીસટલ, સ્ટા ર સીનર્જી હોસ્પીટલ, શ્રેયાંશ હોસ્પીટલ, જયનાથ હોસ્પી ટલ, ઓરેન્જ્દ હોસ્પીટલ (ઓલમ્પોસ), આયુશ હોસ્પીટલ, સત્કીર હોસ્પીટલ, શાંતિ હોસ્પી,ટલ (સુરભી હોટલ), દેશી હોસ્પીટલ, નીલકંઠ હોસ્પી ટલ (લોન્જ્ય બોર્ડ્ઝર હોસ્ટેસલ), હોપ કોવિડ હોસ્પીશટલ, ક્રિષ્ના હોસ્પી ટલ, રત્નદીપ કોવિડ હોસ્પી ટલ ખાતે કરી કેન્ટીનમા સ્વાચ્છસતા તથા કોવિડ ગાઇડલાઇન્સહનુ પાલન કરવા જરૂરી સુચના આપેલ. ચકાસણી કરેલ હોસ્પીપટલ પૈકી આશાપુરા રોડ પર પરમ હોસ્પીલટલ, ભક્તિનગર સર્કલ પાસે જયનાથ હોસ્પીરટલ, રજપુતપરા ચોક પાસે ઓરેન્જ્પ હોસ્પી ટલ, કાલાવડ રોડ પર નીલકંઠ હોસ્પી ટલ, અને રાષ્ટ્રી ય શાળા સામે રત્નદીપ હોસ્પીડટલ, દરેકના ફૂડ સપ્લાડયસર પાસે લાયસન્સ નહિ હોવા સબબ નોટીસ પાઠવેલ, તથા દોશી હોસ્પીટલમા કેન્ટી નમા ફૂડ લાયસન્સા રીન્યુલ કરાવેલ ન હોઇ, નોટીસ પાઠવેલ.(૩.૨૫)

ગુજરાત અને જીટીયુ યુનીવર્સીટીએ ૧૦મીએ શરૂ થનારી પરિક્ષાઓ રદ્દ કરી

૧૦મીએ શરૂ થનારી પરિક્ષા સૌ.યુનિવર્સિટી રદ્દ કરે : NSUI

રાજકોટ જિલ્લા NSUI પ્રમુખ રોહિત રાજપૂત સહીત કાર્યકરોએ પીપીઈ કીટ પહેરી કુલપતિને આવેદન પાઠવ્યું

NSUIના જીલ્લા પ્રમુખ રોહિતસિંહ રાજપૂત ,મીત પટેલ ,માનવ સોલંકી, મોહીલ ડવ,મૌલેશ મકવાણા, પાર્થ બગડા, હર્ષ આશર, મોહમદ બાવાની,હુસેન હીરાણી સહીત કાર્યકરો જોડાયા હતા.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આગામી તા.૧૦મીએ અલગ-અલગ વિભાગોની પરિક્ષાઓ શરૂ થનાર છે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પરિક્ષાઓ મોકૂફ રાખવા આજે રાજકોટ જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ રોહિતસિંહ રાજપૂત સહિતના હોદ્દેદારોએ પીપીઈ કિટ પહેરી કુલપતિને આવેદન પાઠવ્યું હતું.

આવેદનપત્રમાં જણાવ્યું છે કે,કોરાનાના કાળ વચ્ચે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આગામી તા. ૧૦મીએ અલગ અલગ વિભાગોની પરીક્ષાઓ શરૂ થનાર છે પંરતુ હાલની પરિસ્થિતિને ધ્યાનમા લેતા વાર-તહેવારોની રજાઓ બાદ કોરાનાનુ સંક્રમણ વધતા ચાર મહાનગરોમા રાત્રી કર્ફ્યુ લાદવામા પણ આવ્યુ છે. તેમજ તમામ સામાજીક, રાજકીય અને ધાર્મિક કાર્યક્રમો પણ નહી યોજવા સરકારે જાહેરનામુ બહાર પાડ્યુ છે.

રાજકોટમાં કોરાનાના કેસ અને પાંચથી વધુ લોકોના મૃત્યુ થવાની ગંભીર પરિસ્થિતિ વચ્ચે યુનિ. દ્વારા પરીક્ષાઓ યોજવાનો નિર્ણય ક્યાંક વિદ્યાર્થીઓ અને પરીક્ષકોના સ્વાસ્થ્ય પર જોખમરૂપ સાબિત થઈ શકે છે.

સૌ. યુનિવર્સિટી દ્વારા છેલ્લા સેમેસ્ટરની પરીક્ષાઓ કોરાનાના કાળ વચ્ચે ખુબ સારી સાવચેતીઓ સાથે લેવામા સફળ પુરવાર થયા હતા પંરતુ ત્યારે ૧૦,૦૦૦ જેટલા જ વિદ્યાર્થીઓ પરીક્ષાના ઉમેદવાર હતા. હાલ આ સેમેસ્ટરની પરીક્ષાઓમા ૫૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થી પરીક્ષા આપનાર છે જે બાબત પણ યુનિ. એ ધ્યાનમા લેવી જોઈએ. ગુજરાત યુનિવર્સિટી અને ગ્રામ્ય જેવી યુનિવર્સિટીઓએ પણ તા.૧૦ થી શરૂ થનારી પરીક્ષાઓ મોકુફ રાખી છે તો સૌ. યુનિ. શા માટે આવી પરિસ્થિતિમા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય પર જોખમ લઈ રહી છે તેવી વિદ્યાર્થીજગતમા સવાલ થઈ રહ્યા છે.

એક તરફ સરકાર સામાન્ય માણસના અંતિમક્રિયાઓ પણ ૪૦થી વધુ લોકોની મંજુરી નથી આપતુ અને સામે સૌ. યુનિ. ના સતાધિશો હજારોની સંખ્યામાં પરીક્ષા યોજવા જઈ રહ્યા છે ત્યારે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં સ્વાસ્થ્યની બાબતે ચીંતાઓ સતાવી રહી છે.

જો યુનિવર્સિટીના સતાધિશોએ તા.૧૦ થી પરીક્ષાઓ લેવા મન મક્કમ બનાવી લીધુ હોય તો વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય બાબતની જવાબદારી લેવી જોઈએ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ હાલની પરિસ્થિતિની અને વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય ધ્યાનમા રાખી તા. ૧૦ થી શરૂ થતી પરીક્ષાઓ મોકુફ રાખવાનો નિર્ણય તત્કાલ કરવામા નહી આવે તો NSUI ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન છેડશે.

શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીના નાનાભાઈ

રમેશભાઈનું અવસાન થતા સાંત્વના પાઠવતા સી.આર.પાટીલ

નીતિન ભારદ્વાજ અને અંજનીબેન રૂપાણીએ સાંત્વના પાઠવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષીના નાના ભાઈ રમેશભાઈ જોષીનું દુઃખદ અવસાન થતા શોકમગ્ન હરેશભાઈ તથા તેમના પરિવારને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે તેમના નિવાસસ્થાન ખાતે સાંત્વના પાઠવી શોકની લાગણી વ્યક્ત કરી હતી. આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય ગોવીંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, મેયર બીનાબેન આચાર્ય, પૂર્વ ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, ઉપપ્રમુખ, પ્રદીપ ડવ, સુરતના ધારાસભ્ય હર્ષભાઈ સંઘવી, પ્રદેશ ભાજપ અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, તેમજ વોર્ડ નં.૧૭ના પ્રભારી જીજ્ઞેશ જોષી, મનપા ભાજપ કાર્યાલય મંત્રી જયંતભાઈ ઠાકર સહીતના ઉપસ્થિત રહયા હતા.(૧.૬)

૧૧મીએ રૂડાની બોર્ડ બેઠક મળશે

એઈમ્સને જોડતા રસ્તા, રીંગ રોડ-૨ પરના બ્રિજ તેમજ ઘનકચરાના નિકાલ સહિતના મુદ્દાઓ ચર્ચાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તા.૧૧ ડિસેમ્બરના રોજ ૧૬૨મી બોર્ડ બેઠકનું આયોજન થનાર છે. સદરહુ બોર્ડ બેઠકમાં મનહરપુર-રોણકી તથા માલીયાસણ-સોખડામાં કુલ-૨ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવા ઈરાદો જાહેર કરવા, રીંગરોડ-૨ અંતર્ગત કાળીપાટથી માલીયાસણ ગામ સુધીના રસ્તા તથા કુલ-૨ બ્રિજના કામો ઉપરાંત અર્ઈજ્ઈખજ હોસ્પીટલને જોડતા રસ્તા તેમજ અન્ય રસ્તાઓના કામો, રૂડા હેઠળના ગામોમાં ઘન કચરાના નિકાલ માટે રીફ્યુઝ કોમ્પેકટર તથા અન્ય સાધનો ખરીદવાના કામોને બહાલી આપવા વિચાર વિર્મશ કરવામાં આવશે. વધુમાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના હિસાબો તથા વર્ષ ૨૦૨૦-૨૦૨૧નું સુધારેલ અંદાજપત્ર રજૂ થશે. આમ, ઉપરના તેમજ અન્ય મુદ્દાઓની ચર્ચા માટે આગામી તા.૧૧ ના રોજ રૂડાની બોર્ડ બેઠક રાખવામાં આવેલ છે. તેમ રૂડાની યાદીમાં જણાવાયું છે.(૩.૨૬)

ગોંડલ રોડ પર રીક્ષામાં દારૂની ૫૧ બોટલ સાથે મહિલા સહિત બે ઝડપાયા

ચુનારાવાડમાં ૧૨ બોટલ દારૂ સાથે મહિલાની ધરપકડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

શહેરના ગોંડલ રોડ પર રાજકમલ પેટ્રોલ પંપ પાસે રીક્ષામાં અને ચુનારાવાડમાં વિદેશી દારૂ સાથે બે મહિલા સહિત ત્રણને પોલીસે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ માલવીયા નગર પોલીસ મંથકના પીઆઈ કે.એન ભુકણની સુચનાથી પી.એસ.આઈ વી.કે.ઝાલા સહિતના સ્ટાફે પેટ્રોલીંગ દરમ્યાન ગોંડલ રોડ પર રાજકમલ પેટ્રોલીંગ દરમ્યાન ગોંડલ રોડ પર રાજકમલ પેટ્રોલ પંપ પાસે

ઓટોરીક્ષા નંબર જીજે-૩-બીયુ ૫૬૬૦માં વિદેશી દારૂની ૫૧ બોટલ કિમત રૂ.૨૫૫૦૦ સાથે રોહિત રમેશ સોલંકી તથા મનર૫૨૧ મફતીયાપરામાં રહેતી જીવુબેન કાસમભાઈ લધડ સહિત બે શખ્સો નીકળતા પોલીસે ધરપકડ કરી રૂ.૧૨૫૫૦૦નો મુદામાલ કબજે કર્યો છે. જ્યારે અન્ય એક દરોડામાં ક્રાઈમ બ્રાંચની ટીમે ચુનારાવાડ શેરી.૨માં રહેતી સુનીતા સંજય સનુરા નામની મહિલાને ૧૨ બોટલ દારૂ કિમત રૂ.૫૪૦૦ સાથે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટમાં એનસીપી મહિલા નેતા રેશ્મા પટેલની અટકાયત



(તસવીરઃ પંકજ ડાભી)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ : તાજેતરમાં જ ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલમાં આગ લાગવાથી પાંચ દર્દીઓ જીવતા ભુંજાયા હતા જે ઘટનાને લઈને ગુજરાતભરમાં ઘેરા પ્રત્યાઘાટો પડયા હતા. આજે સવારે એનસીપી મહિલા નેતા રેશ્મા પટેલ રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ફાયર સેફટીના મુદ્દાને લઈને રૂબરૂ દોડી ગયા હતા. તેઓ ગાડીમાંથી નીચે ઉતરે તે પહેલજ પોલીસે તેમની અટકાયત કરી હતી. આગ લાગ્યાના બનાવને લઈને રેશ્મા પટેલે તંત્ર અને સરકાર જવાબદાર હોવાનો આક્ષેપ કર્યો હતો.(૧.૧)

હવે મુંબઈમાં બનશે 'મિર્ઝાપુર-૩'

(એજન્સી સમાચાર) ઉત્તરપ્રદેશમાં ફિલ્મ સિટીના નિર્માણની મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની કોશિષોની વચ્ચે મહારાષ્ટ્રમાં સત્તારૂઢ શિવસેના સતત પ્રહારો કરી રહી છે. હવે વેબ સીરીઝ મિર્ઝાપુરનું ઉદાહરણ સામે મૂકતા શિવસેના યોગી સરકાર પર નિશાન સાંધ્યું છે. શિવસેના એ કહ્યું કે વેબ સીરીઝમાં દેખાડવામાં આવેલા પ્રસંગ જ યુપીની વાસ્તવિકતા છે અને હવે મુંબઈમાં 'મિર્ઝાપુર-૩' બનાવાની તૈયારી થઈ રહી છે. સાથો સાત એમ પણ કહ્યું કે મુંબઈમાંથી ફિલ્મ સિટીને લઈ જવાની કોઈના બાપથી પણ શકય નથી. શિવસેનાના મુખપત્ર 'સામના'માં છપાયેલા સંપાદકીયમાં ફિલ્મ સિટીને લઈ યુપીની ભાજપ સરકાર પર જોરદાર નિશાન સાંધ્યું. સંપાદકીયમાં લખ્યું છે કે યુપીની ગુનાહિત સચ્ચાઈ, કાયદાકીય વ્યવસ્થાનું સનસનીખેજ ફિલ્માંકન મિર્ઝાપુર-૧ અને ૨વેબ સીરીઝમાં છે. વિપક્ષી દળ યુપીની અવસ્થા મિર્ઝાપુર જેવી જ થવાનો આરોપ મૂકે છે. આ 'સચ્ચાઈ'ને બદલવાની જવાબદારી યોગી સરકારની છે. માત્ર દિવાલો ઉભી કરી દેવાથી સ્થિતિ બદલાશે નહીં. યોગી સરકાર પર પ્રહારો કરવાના અંદાજો અખ્તિયાર કરતાં સામનામાં લખ્યું છે કે મુંબઈમાંથી ફિલ્મ સિટી, ઉદ્યોગ ઉઠાવીને લઈ જવો બાળકના હાથમાંથી ચોકલેટ છીનવીને લઈ જવા જેટલું સરળ નથી. આ કોઈના બાપ માટે પણ શકય નથી. મહારાષ્ટ્રના ભાજપ નેતાઓનો તેના પર શું મત છે? શું મુંબઈમાં આવેલા યોગીને પણ તેનું સમર્થન છે? આ વાત સ્પષ્ટ કરવી જોઈએ. શિવસેના એ કહ્યું કે લોકડાઉનના સમયમાં જે લોકો મુંબઈની આલોચના કરી રહ્યા હતા તેઓ હવે અહીં આવી રહ્યા છે. મુંબઈ પાસેથી છીનવીને યોગી મહારાજ લખનઉ અને નોઈડામાં સોનાની ધૂળ કેવી રીતે ઉડાવશે? લાખો ઉત્તર ભારતીય ઘર પરિવાર છોડીને બે રોટી માટે મુંબઈ આવે છે. બેરોજગારોને રોજગારી મળ્યા વગર યોગીના સંકલ્પના વાળી માયાનગરીમાંથી સોનાની ધૂળ નીકળશે નહીં.

ડ્રગ્સ કેસઃ મુંબઈ એનસીબીએ બે અધિકારીઓને કર્યા સસ્પેંડ

(એજન્સી સમાચાર) ડ્રગ્સ રેકેટ મામલામાં નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ પોતાના જ બે અધિકારીઓ ઉપર કાર્યવાહી કરી છે. મુંબઈ એનસીબીએ બે અધિકારીઓને સસ્પેંડ કરી દીધા છે. તેના પર શક છે કે તે કોમેડિયન ભારતીસિંહ અને તેના પતિ હર્ષ અને દીપિકા પાદૂકોણની મેનેજર કરિશ્માને જામીન અપાવવામાં શંકાસ્પદ રોલ નિભાવ્યો છે. આ સિવાય એનસીબીના વકીલને લઈને પણ તપાસ કરવામાં આવી રહી છે. કારણ કે જ્યારે આ સ્ટાર્સના જામીનને લઈને સુનાવણી થવાની હતી ત્યારે વકીલ હાજર થયા ન હતા. જેના કારણે દ્વઝમ્નો પક્ષ રાખવામાં આવ્યો ન હતો. આ બંને અધિકારીઓ ઉપર તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

બોલીવુડ

જીવન-મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે અભિનેતા શિવકુમાર વર્મા

(એજન્સી સમાચાર) વર્ષ ૨૦૨૦ ઘણા લોકો માટે મુશ્કેલીભર્યું રહ્યું છે. ઘણા કલાકારોએ તેમની નોકરી ગુમાવી દીધી તો ઘણા કલાકારો આર્થિક મુશ્કેલી સામે લડી રહ્યા છે. શિવકુમાર વર્મા આવા જ એક અભિનેતા છે. એક્ટર ઓર સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ એસોસિએશનના સભ્ય શિવકુમાર વર્મા ક્રોનિક ઓબસ્ટ્રેક્ટિવ પલ્મોનરી ડિસીઝ સામે લડી રહ્યા છે. આ એક પ્રકારનો ફેફસાંનો રોગ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે શિવકુમારની હાલત નાજુક છે અને તે વેન્ટિલેટર સપોર્ટ પર છે. એવા અહેવાલો પણ મળી રહ્યા છે કે શિવકુમાર અને તેના પરિવારને સારવાર પોસાય તેમ નથી. આવી સ્થિતિમાં સીઆઈટીએએએ બોલિવૂડના ખ્યાતનામ કલાકારને કહ્યું છે કે શિવકુમારને મદદ કરો. એસોસિએશને સલમાન ખાન, અનિલ કપૂર, અક્ષય કુમાર, અમિતાભ બચ્ચન, વિદ્યા બાલન અને સની દેઓલને તેમની સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં શિવકુમાર વર્માની હાલત વર્ણવીને ટેગ કર્યા છે. તેમજ શિવકુમારની બેંક વિગતો સામાન્ય લોકોને આપવામાં આવી છે જેથી તેમની મદદ કરી શકાય. તેમણે ટ્વિટ કરીને લખ્યું છે કે, "મદદ માટે અરજન્ટ કોલ. સીઆઈટીએએના સભ્ય શિવકુમાર વર્મા સીઓડીપી સામે લડી રહ્યા છે અને તેને કોરના હોવાની પણ શંકા છે. તેમને હોસ્પિટલના ખર્ચ માટે તાત્કાલિક ભંડોળની જરૂર છે. અમે વિનંતી કરીએ છીએ કે કૃપા કરી તમે જે મદદ કરી શકો તે કરો. આ પોસ્ટ એસોસિએશન દ્વારા એક નહીં ઘણી વખત કરવામાં આવી છે અને દરેક વખતે વિવિધ સેલેબ્સને ટેગ કરવામાં આવ્યા છે. સીઆઈટીએએના અમિત બહલે એક ન્યૂઝ વેબસાઇટ સાથેની વાતચીતમાં કહ્યું કે શિવકુમાર વર્મા એસોસિએશનના સક્રિય સભ્ય છે. સીઆઈટીએએએ તેની હાલતની જાણ થતાં તેણે અભિનેતાના ખાતામાં ૫૦ હજાર રૂપિયા મૂક્યાં છે. વર્માને શ્વાસ લેવામાં તકલીફ થઈ હતી, જેના પછી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની સારવાર માટે ૩ થી ૪ લાખ રૂપિયાનો ખર્ચ થશે. શિવ કુમારની પુત્રીએ સીઆઈટીએએને મદદ માટે વિનંતી કરી છે.

ખેડૂત આંદોલન મુદ્દે કંગના-દિલજીત દોસાંજ વચ્ચે છેડાયું શાબ્દિક યુદ્ધ

(એજન્સી સમાચાર) કંગના રનૌતે ખેડૂત આંદોલન પર એક પોસ્ટ કરી હતી. કંગનાએ શાહીન બાગ વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનાર બિલકિસ બાનોએ ખેડૂત આંદોલનમાં ભાગ લીધો હોવા અંગે પોસ્ટ કરી હતી. જોકે, કંગનાએ જે તસવીર શેર કરી હતી, તે બિલકિલ બાનોની નહોતી અને ત્યારબાદ કંગનાએ આ પોસ્ટ ડિલીટ કરી નાખી હતી. જોકે, કંગનાની આ પોસ્ટ પર પંજાબી કલાકારો આક્રોશમાં છે. સિંગર જસબીર જસ્સી, હિમાંશી ખુરાના બાદ હવે દિલજીત દોસાંજે કંગનાને મણ મણની ચોપડાવી હતી, તો સામે કંગનાએ પણ અભદ્ર ભાષાનો ઉપયોગ કરીને દિલજીતને ખખડાવી નાખ્યો હતો. એક તબક્કે બંને એકબીજા સામે ગાળાગાળી પર ઊતરી આવ્યાં હતાં. કંગનાએ દિલજીતને સંબોધીને કહ્યું હતું, 'ઓ કરન જોહરના પાલતુ, શાહીન બાગમાં જે બિલકિસ બાનો દાદીજી વિરોધ પ્રદર્શનમાં જોવા મળ્યાં હતાં, તે જ દાદી ખેડૂત આંદોલનમાં દેખાવો કરતાં જોવા મળ્યાં હતા. મહિન્દર કૌરજીને હું તો ઓળખતી પણ નથી. તમે લોકોએ શું નાટક ચાલુ રાખ્યા છે? બંધ કરો આ બધું. અન્ય એક પોસ્ટમાં કંગનાએ કહ્યું હતું, 'એ ગીધડાંઓ સાંભળો... મારા મૌનને મારી નબળાઈ ના સમજો. હું જોઉં છું કે તમે કેવી રીતે નિર્દોષોને ખોટું બોલીને ઉશ્કેરો છો અને પછી તેમનો ઉપયોગ કરો છો. જેવી રીતે શાહીન બાગનું સત્ય સામે આવ્યું તે જ રીતે આ આંદોલનનું પણ સત્ય સામે આવશે. પછી હું એક મસ્ત સ્પીચ લખીશ અને તમારા ચહેરા કાળા પડી જશે. કંગનાની આ રીતની પોસ્ટ જોઈને દિલજીતથી પણ રહેવાયું નહીં અને તેણે પણ ઈંટનો જવાબ પથ્થરથી આપવાનું નક્કી કર્યું હતું. તેણે પોતાની પોસ્ટ પંજાબીમાં લખી હતી. દિલજીતે કહ્યું હતું, 'અરે, તો તે જેટલા લોકો સાથે કામ કર્યું તો તું એ બધાની પાલતુ છે? તો તો પછી તારા માલિકોની યાદી બહુ લાંબી થઈ જશે. આ બોલિવૂડ નથી, પંજાબ છે. ખોટું બોલીને તેમની લાગણી સાથે રમવાનું બંધ કર.

રાજકોટના જીવનનગરમાં ત્રીજા યોગ કલાસનો પ્રારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

ગુજરાત સરકારના રાજય યોગ બોર્ડના સહયોગથી ભારત જન વિજ્ઞાન જાથા તથા જીવનનગર વિકાસ સમિતિ ઉપક્રમે રહીશો અને જનસમાજ માટે નિ:શુલ્ક ત્રીજા યોગ કલાસનો પ્રારંભ જીવનનગર શેરી નં. ૪, મહાદેવ ધામમાં કરવામાં આવ્યો છે. યોગ કરવાથી થતા ફાયદાઓની છણાવટ કરવામાં આવી હતી.

ત્રીજા વર્ગ યોગનું ઉદ્ઘાટન સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ કર્યું હતું. યોગથી અનેક પ્રકારે ફાયદાઓ થાય છે જે તે વ્યકિ અનુભવને આધારે કરી શકે છે. યોગ શરીરને તંદુરસ્ત બનાવી સંપુર્ણ અને શકિશાળી પદ્ધતિ છે. યોગથી શરીરનું સમતોલપણું સાથેના લાભોની વિગત તાલીમાર્થી બહેનોને આપી હતી.

યોગના તજજ્ઞ ષ્ટિ વખારીયાએ યોગના આસાનો, તેની પદ્ધતિ, નિયમિતતા સાથે એકાગ્રતા ઉપર ભાર મુકી આસનો શીખડાવ્યા હતા.

જીવનનગર સમિતિના વિજયભાઈ જોબનપુત્રા, વિનુભાઈ ઉપાધ્યાય, નવીનભાઈ પુરોહિત, ગોવિંદભાઈ ગોહિલ, પંકજભાઈ મહેતા, પૂજારી પ્રવિણભાઈ જોષી, વી. સી. વ્યાસ, રજુભાઈ દોમડીયા કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.(૧.૧)

યોગ કરવાથી થતા ફાયદાઓની છણાવટ કરાઈઃ પંડયા

વીરપુર-મશીતારાના ગાડા મારગ પર બંધ રહેતા ફાટકથી હાલાકી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

વિરપુર જલારામ,તા.૪

વીરપુર (જલારામ) ગામની સીમ વિસ્તારમાં ખેડૂતોને જવા માટેનો જૂનો મશીતારાનો કાચો ગાડા માર્ગ જેની આડે રેલ્વેનું ફાટક આવેલ છે તે ફાટકને ત્રણેક કલાકમાં માત્ર બે મિનીટ જ ખુલતું હોવાથી ખેડૂતોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડે છે. જેથી ખેડૂતોએ રેલ્વે વિભાગને આવેદનપત્ર આપીને ફાટક ખુલ્લું રાખવાની માંગ કરી હતી.

વીરપુર (જલારામ) ગામના સૌથી મોટો આહ્બા સીમ વિસ્તારમાં રાણબાગ પાસે વર્ષોથી રેલ્વે ક્રોસિંગ આવેલ છે આ ક્રોસિંગ પરથી વીરપુર-મશીતારાનો વર્ષો જૂનો ગાડા માર્ગ આવેલ છે આ ગાડા માર્ગનો મશીતારા ગામે જવા આવવા માટે તેમજ ૫૦૦ જેટલા ખેડૂતો નિયમિત ઉપયોગ કરે છે પરંતુ રેલ્વે ઓથોરિટી દ્વારા આ ક્રોસીંગ પર ઘણા સમયથી એક ફાટક મુકી દેવામાં આવ્યું છે. અને તે ફાટક બે ત્રણ કલાકે માત્ર બે મિનીટ જ ખોલવામાં આવે છે. અને હાલ કોરોના કાળમાં આ ટ્રેક પરથી માત્ર સોમનાથ જબલપુર ટ્રેનની એક જ ટ્રેન પસાર થતી હોય તંત્ર દ્વારા ટ્રેન પસાર થઈ ગયાના કલાક બાદ માત્ર બે મિનીટ ફાટક ખોલે છે ખેતી કામે જતા ખેડૂતોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. રેલ્વે લોકોની સગવડતાને બદલે અગવડતા ઉભી કરતું હોય તેવું લાગી રહ્યું છે. જેથી ખેડૂતો કહી રહ્યા છે કે અત્યારે ફાટક પર લોકોનો સમૂહ એકઠો કરવો કેટલું હિતાવહ છે ? અમો તો રેલ્વે તંત્રના જડ નિયમોથી હારી ગયા છે એવું થાય છે કે ખેતીકામ જ મૂકી દઈએ. અત્યારે ખેતીકામ માટે આઠ કલાક વીજળી મળે છે તેમાં ત્રણ કલાક તો ફાટક ખુલવાની રાહ જોવામાં જ પસાર થઈ જાય છે. રેલ્વે તંત્રથી ત્રસ્ત ખેડૂતોએ આજે ફાટક પાસે હોબાળો મચાવી ફાટક ખોલો ફાટક ખોલોના નારા લગાવી ફાટકને ખેડૂતો માટે ખુલ્લું રાખવાની માંગ કરતું આવેદનપત્ર વીરપુર રેલ્વે સ્ટેશન માસ્ટરને આપ્યું હતું.(૩.૪)

બે-ત્રણ કલાકે માત્ર બે મિનિટ ખૂલતા ફાટકથી ખેડૂતો પરેશાન

રાજકોટમાં દાઉદી વ્હોરા ધર્મગુરૂઓના જન્મદિવસની તડામાર તૈયારીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

વિશ્વના ખૂણે ખૂણે વસતાં દાઉદી વ્હોરા સમાજના દિવંગત બાવનમાં ધર્મગુરૂ ડો.સૈયદના અબ્બુ કાઈદ જોહર મોહંમદ બુરહાનુદ્દીન (રી.અ) ની ૧૧૦મો અને વર્તમાન ત્રેપનમાં ધર્મગુરૂ ડો.સૈયદના અબ્બુ જાફરૂંસ્સાદીક આલિકદર મુફદલ સૈફૂદીન (ત.ઉ.શ.)નો ૭૭ મોજન્મદિવસ કાલે શનિવારે છે. રાજકોટ આઉદી વ્હોરા સમાજ સેવાની બહેનોએ પર્યવારણ અંગે રાજકોટમાં હજજારો કપડાંની થેલીનું વિતરણ કરી એક ખરાંઅર્થમાં લોકઉપયોગી કાર્ય કર્યુ હતું.શહેરના જુદાં-જુદાં વિસ્તારોમાં ફૂટપાથ અને લારીઓમાં રોજગાર કરતાં લોકોને અમોએ હજજારો કાપડની થેલીઓ અને માસ્કનું વિતરણ કર્યુ હતું.

કાપડની થેલીઓ અને માસ્કનું વિતરણ કરાયું

ઘેલા સોમનાથ મહાદેવના પુજારી હસુભાઈનો આજે જન્મદિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ: ઘેલા સોમનાથ મહાદેવનો અનોખો શણગાર શ્રાવણ માસમાં અલગ-અલગ પ્રકારના કરી ઘેલા સોમનાથ મહાદેવની પુજા-અર્ચના કરતા હસુભાઈ જોશીનો આજે જન્મદિવસ છે. હસુભાઈના જન્મદિવસ પર મહાદેવના ભકતજનો, પરિવારજનો, મિત્રો તથા 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી શુભકામનાઓ...(૧.૩)

ઉનામાંથી પસાર થતાં હાઈવેની મરામત ન કરાય તો આંદોલન

૧૫ દિવસમાં રીપેરીંગ ન થાય તો આંદોલનની ચિમકી ઉચ્ચારતા ધારાસભ્ય પુંજા વંશ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ઉના,તા.૪

ઉના શહેરમાંથી પસાર થતો નેશનલ હાઈવે રોડની મજબુતાઈ - ડામર પેવર રોડ ૧૫ દિવસમાં નહીં કરાય તો ઉનાના ધારાસભ્ય પુંજાભાઈ વંશ દ્વારા આંદોલનની ચીમકી અપાઈ છે. હાલ બિસ્માર રોડમાં ધુળની ડમરી ઉડતા અકસ્માતો વધ્યા છે. ઉના મતવિસ્તારના ધારાસભ્ય પુંજાભાઈ વંશે ગીર સોમનાથ જીલ્લા કલેકટરને લેખીતમાં રજુઆત કરી છે કે સોમનાથ ભાવનગર, નેશનલ હાઈવે રોડ ઉનાના લામધાર ગામના પાટીયાથી વાજપર બાયપાસ સુધીનો ૮.૬૦ કિ.મી. નેશનલ હાઈવે રોડ ગત ચોમાસામાં ભારે વરસાદ અને ૨૪ કલાક ભારે કન્ટેનરો , ટ્રકો પસાર થતા બિસ્માર બની ગયો છે. હાલ વાહન પસાર થતા ધુળની ડમરી ઉડે છે. લોકો, વેપારીઓ રોગનો ભોગ બની રહ્યા છે. ગત તા.૧૭-૯ ના જીલ્લા કલેકટરની બેઠકમાં નેશનલ હાઈવે રોડના અધિકારીઓએ ચોમાસુ પુરૂ થઈ જાય એટલે તુરંત જરૂરી પેચવર્ક કરી મોટરેબલ કરી આપવા પેવર ડામર કરવા ખાતરી આપી હતી. નેશનલ હાઈવે રોડ તથા ઉનાના બાયપાસ રોડનું કામ ઝડપથી પૂર્ણ કરવા રજુઆત કરાઈ હતી. જેને બે માસથી વધુ સમય ગઈ ગયો છે. તેમ છતાં અધિકારીઓએ ગુણવતાવાળા ડામર રોડ બનાવેલ નથી.

કામગીરી પૂર્ણ કરી નથી તેથી વાજપુર બાયપાસથી રોકડીયા હનુમાન અને ઉના શહેરમાં પ્રસાર થતો મછુન્દ્રી નદી ઉપરનો પુલ, વડલા ચોક, બસ સ્ટેશના ત્રિકોણ બાગ, શાક માર્કેટ, ટાવર ચોક, ગોદરા ચોક, સરકારી હોસ્પિટલ, વેરાવળ રોડ, લામધારના પાટીયા સુધી રોડને ડામર - જરૂરી પેચવર્ક કરી મોટરેબલ કરવા પેવર કરવા તથા હાઈવેની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉપયોગમાં લઈ શકાય તેવી ગુણવતાવાળો ૧૫ દિવસમાં બનાવી આપવા રજુઆત કરી છે. ૧૫ દિવસમાં કામગીરી શરૂ કરવામાં નહીં આવે તો ધારાસભ્ય પુંજાભાઈ વંશ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.

આ રોડ બાબતમાં જુનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા પણ રસ લઈ કામગીરી ઝડપી બનાવે તેવી ઉના તાલુકાની જનતાની માંગણી છે.(૩.૫)

કરૂણા ફાઉન્ડેશન-એનીમલ હેલ્પલાઈન દ્વારા

'શાકાહાર તંદુરસ્ત જીવન શૈલીનો આધાર' વિષય વૈશ્વિક વેબીનાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

કરૂણા ફાઉન્ડેશન-એનીમલ હેલ્પલાઈન દ્વારા શાકાહાર-તંદુરસ્ત જીવનશૈલીનો આધાર વિષય પર વૈશ્વીક વેબીનાર યોજાશે.જેમાં અચ્યુત ગોપાલદાસ, ગીરીશભાઈ શાહ, ડો.નિશિતા દિક્ષીત અનિકા ટીમ બીલ્ડર તથા ટાસ્ક કમાસ્ટર (ઉ.વ.૧૨) પોતાનું માર્ગદર્શન આપશે. આ વેબીનારનું સંચાલન મિતલ ખેતાણી દ્વારા કરવામાં આવશે. આ વેબીનાર આજે તા.૪ ના રોજ સાંજે ૬ થી ૭-૩૦ સુધી ફેસબુક પેઈઝ Facebook.com/animalhelplinekarunafoundation પર જીવંત નિહાળી શકાશે.

આ વેબીનારની સફળતા માટે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈનનાં મિતલ ખેતાણી પ્રતિક સંઘાણી રમેશભાઈ ઠક્કર ધીરૂભાઈ કાનાબાર ઘનશ્યામભાઈ ઠક્કર એડવોકેટ કમલેશભાઈ શાહ રજનીભાઈ પટેલ વિગેરે જહેમત ઉઠાવી રહયાં છે.(૧.૨)

કેશોદ ઉતાવળિ નદીમાંથી ચોમાસા દરમિયાન પૂરમાં તણાયેલ યુવાનનું બાઈક મળ્યું

(અમારા પ્રતિનિધિ દ્વારા)

કેશોદ,તા.૪

કેશોદમાં આવેલ ઉતાવળી નદીમાં પાણી ઉતરતા સ્થાનિક લોકોને એક બાઈક નજરે ચડતા પોલીસને જાણ કરવામાં આવી હતી ત્યારે કેશોદ પોલીસ દ્વારા બાઈકને નદીમાંથી બહાર કાઢી તપાસ હાથ ધરેલ ત્યારે જાણમાં આવેલ કે ચોમાસામાં યુવાન સાથે બાઈક તણાયાનો બનાવ બન્યો હતો જે બાઈક આજે નદીમાં પાણી ઓસરતા લોકોને નજરે પડી હતી. ત્યારે પોલીસને તણાયેલ યુવાનના પરિવારે બાઈકની ઓળખ આપી હતી કેશોદની પોલીસે બાઈક બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરી હતી અને કેશોદ પોલીસે ચોમાસા દરમિયાન તણાયેલ યુવાનની શોધખોળ પણ શરૂ કરી હતી. આ ઘટનાને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા વળ્યાં હતા તો બાઈક સાથે તણાયેલ યુવાન નદીમાં જ હોવાની આશંકા જતાવવામાં આવી રહી છે.(૩.૩)

વિંછીયા ખેડૂત સેવા સંગઠનનું કૃષિ બીલના વિરોધમાં આવેદન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જસદણ, તા.૪

વિંછીયામાં રાજ ગ્રુપ સર્વજ્ઞાતિ સેવા ટ્રસ્ટ અને ખેડૂત સેવા સંગઠન ગુજરાત ટ્રસ્ટના માધ્યમથી વિંછીયા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ખેડૂત વિરોધી ત્રણ કાયદા પસાર કરવામાં આવ્યા છે તેના વિરોધમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

જેમાં એક માર્કેટિંગ યાર્ડના કાયદામાં સુધારો, બીજુ આવશ્યક ચીજવસ્તુઓના ધારાનો સુધારા-વધારા, ફાર્મિંગ એક્ટ એમ ખેડૂત વિરોધી ત્રણ કાળા કાયદા પસાર કરવામાં આવ્યા છે. જેના કારણે મોટા પ્રમાણમાં ખેડૂતોને ખૂબ નુકસાન થવાની ભીતિ છે. તો ખેડૂતોના હિત માટે કોઈ કાયદા પસાર કરવામાં આવે તેના અનુસંધાને હાલ અલગ-અલગ રાજ્યના ખેડૂતો દિલ્હી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. જેના સમર્થનમાં વિંછીયા રાજ ગ્રુપ સર્વજ્ઞાતિ સેવા શકિત ટ્રસ્ટ અને ખેડૂત સેવા સંગઠન મારફતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જો આગામી દિવસોમાં ખેડૂતના આ ત્રણેય કાળા કાયદા પરત ખેંચવામાં નહીં આવે તો આ વિસ્તારના ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરશે તેવું ખેડૂત આગેવાન અને ટ્રસ્ટીઓ મારફતે કહેવામાં આવ્યું હતું. આ તકે સેવા શકિત ટ્રસ્ટના પ્રમુખ મુકેશભાઈ રાજપરા, રસિકભાઈ કાણોતરા અને ખેડૂત સેવા સંગઠનના પ્રમુખ જયંતીભાઈ ગોહિલ, ભગીરથભાઈ વાલાણી સહિતના ખેડૂત આગેવાનો હાજર રહ્યા હતા.(.૯)

સિહોરના નવા જાળીયા ગામે પરિણીતાનો ગળાફાંસો ખાઈ આપઘાત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સિહોર,તા.૪

બનાવની પ્રાથમિક મળતી વિગત મુજબ સિહોરના જાળીયા ગામે રહેતા અને બેંગલોર ખાતે ઇન્ડિયન આર્મીમાં ફરજ બજાવતા દેવેન્દ્રસિંહ ગોહિલના પત્નિ ક્રિષ્નાબા ઉર્ફે દુર્ગાબા એ આજે ઘરમાં ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ બનાવમાં આર્મીમેન દેવેન્દ્રસિંહ ૧ માસની રજામાં અહીં આવ્યા હતા અને ૧૫ દિવસ પહેલાજ તેઓ પોતાની ફરજ પર બેંગલોર પરત ફર્યા હતા. બંને ના લગ્નને હજુ અઢી વર્ષ જેટલો સમય થયો છે. જ્યારે આ બનાવ અંગેનું કોઈ કારણ હજુ બહાર આવ્યું નથી જ્યારે પોલીસે આ બનાવમાં વધુ તપાસ હાથ ધરી છે. બનાવને લઈ ભારે ચકચાર મચી છે.(૩.૬)

જસદણના ભાડલાની સગીરાનો અપહરણકર્તા ઝડપાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જસદણ, તા.૪

પોલીસ અધિક્ષક બલરામ મીણા દ્વારા રાજકોટ ગ્રામ્ય અને જીલ્લામાં અલગ-અલગ ગુન્હાઓમાં નાસ્તા-ફરતા આરોપીઓને પકડવા બાબતે સુચના આપવામાં આવી હતી. જેના અનુસંધાને એસ.ઓ.જી. પીઆઈ એ.આર.ગોહીલના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી બ્રાંચનો સ્ટાફ રાજકોટ જીલ્લામાં ગુન્હાના કામે નાસ્તા-ફરતા આરોપીઓની વોચ તપાસમાં હતા. તે દરમિયાન ટેકનીકલ સર્વેલન્સથી ખાત્રી કરી ભાડલા પોલીસ સ્ટેશનનો આરોપી મુકેશ સોમાભાઈ માંડાણી (ઉ.વ.૨૫) (રહે-મુળ નાના કંથારીયા (ઝુપડા), તા.ચોટીલા, જી.સુરેન્દ્રનગર, હાલ-રાજકોટ માધવ વાટીકા શેરી નં-૧ મકાન નં-૪) તેમજ ભોગબનનાર બાળા રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પાસે હોવાની હકિકત મળતા પીઆઈની સુચનાથી રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી આરોપી મુકેશ સોમાભાઈ માંડાણી તેમજ ભોગબનનાર બાળાને શોધી અને ભાડલા પોલીસ સ્ટેશને કાયદેસરની કાર્યવાહી કરવા સોપી આપતા આગળની કાર્યવાહી ભાડલા પોલીસ ચલાવી રહી છે.(૩.૮)

ગોંડલમાં વર્લીના આંકડાનો જુગાર રમતો શખ્સ ઝડપાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

ગોંડલ બસ સ્ટેન્ડસામે જુની માર્કેટ યાર્ડમાં વર્લી ના આંકડાનો જુગાર રમતા શખ્સને પોલીસે દબોચી લઈ રૂ.૧૦૯૮૦નો મુદામાલ કબજે કર્યો છે.

આ અંગેની વિગત મુજબ ગોંડલ સીટી પોલીસ મંથકના હેડ કોન્સ્ટેબલ જે.કે.ચૌહાણ, જયસુખભાઈ,સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ગોંડલના પાંજરાપોળ પાસે રહેતો આમદ કાસમભાઈ ખીરાણી નામનો શખ્સ ગોંડલ બી સ્ટેન્ડ પાસે જુની માર્કેટીંગ યાર્ડમાં જાહેરમાં આવતા જતા માણસો સામે પૈસાની લેતી દેતી કરી વર્લી ફીચરના આંકડા બનાવી નસીબ આધારીત જુગાર રમી રમાડતાં હોય પોલીસે શખ્સને દબોચી લઈ રૂ.૧૦૯૮૦નો મુદામાલ કબજે કર્યો હતો.

સંભારણા

પદયાત્રા

સામાન્ય રીતે આપણે જ્યારે ગાડીમાં પ્રવાસ કરતા હોઈએ છીએ ત્યારે, એવા સૂમસામ રસ્તા પર જો કોઈ ચાલીને આગળ વધતું હોય તો એક વાર ઉભા રહીને કુતૂહલવશ પુછવાનું મન થઈ જાય કે, કેમ, ક્યાં ચાલ્યા?. અમારી સાથે પણ આવું જ થયું. રસ્તાની બાજુથી ચાલતી બે પ્રૌઢ અને એક વયસ્ક સ્ત્રીને જોઈને અમે ગાડી ઉભી રાખી. પહેલા તો અમારી પાસે જે કંઈ ખાવાનું હતું તે આપવાની કોશિશ કરી. પછી પૈસા આપવા હાથ લાંબા કર્યા પણ તેઓએ ના પાડી. પછી પુછાઈ ગયું કે,તો કેમ આમ ભર તડકે, જમવાના ટાઈમે, આવી રીતે ચાલીને આગળ વધો છો? ત્યારે એમણે માંડીને બધી વાત કરી.

લેખિકા: પુનમ –મુંબઈ.

પુરુષ કહે છે, અમે મૂળ મહારાષ્ટ્ર ગામના વતની છીએ. હાલ ગુજરાતના દ્વારકામાં રહીએ છીએ.બે વર્ષ પહેલાં મારી આંખની રોશની જતી રહી હતી. ડોક્ટરે પણ હાથ ઊંચા કરી દીધા હતા. ત્યારે મારી મા એ ડોક્ટરને વિનંતી કરી કે મને ભગવાન પર બહુ જ વિશ્વાસ છે. એ જે કરશે એ મને મંજુર રહેશે. તમે માત્ર પ્રયત્ન કરો બસ.

એક બાજુ મારું ઓપરેશન ચાલતું હતું બીજી બાજુ મારી આ માં દ્વારકા મંદિરમાં જઈને બેસી ગઈ અને કૃષ્ણને વચન આપ્યું કે જો મારા દીકરાની નજર પાછી આવશે તો અમે ચાલીને પંઢરપુર પછી બાલાજી અને પાછા વળતાં દ્વારકા દર્શન માટે આવશું..

પછી શું મારી રોશની પાછી આવી. તેથી હું માનું વચન પૂરું કરવા પદયાત્રાએ નીકળ્યો છું. પત્ની વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે તે અમને એકલા છોડવા તૈયાર ન હતી. હું સાથે હોઉં તો રસ્તામાં તમને ખાવાનું બનાવી આપીશ એમ કહીને સાથે નીકળી પડી. યાત્રા પર નીકળીને ત્રણ મહિના થઈ ગયા ૨૨૦૦ કિમી ચાલ્યા. હજી અહીંથી દ્વારકા પહોંચતા એક મહિનો થશે. તેઓ જે રીતે અંગ્રેજી બોલતા હતા તે સાંભળીને મારી જિજ્ઞાસા વધી ગઈ હતી. એટલે મેં શિક્ષણ વિશે પૂછ્યું ત્યારે તેમણે જે કહ્યું તે જાણીને તો મારા પગ નીચેથી જમીન સરકી જતી હોય એવું લાગ્યું. તેઓએ લંડન સ્થિત ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી એસ્ટ્રોનોમીમાં સાત વર્ષની પીએચડી કરી હતી. અને પત્નીએ સાયકોલોજીમાં પીએચડી કરી હતી. આટલું શીખ્યા નો ગર્વ તેમના મોઢા પર કે કપડાં થી જરાય દેખાતો ન હતો. વધારામાં આપણા ગવર્નર વી. રંગરાજન તેમજ કલ્પના ચાવલા સાથે દોસ્તી હતી. પોતાનું માસિક પેન્શન તેઓ એક અંધ ટ્રસ્ટને આપતા હતા. સોશિયલ મીડિયાથી દૂર રહેવું તેમને ગમે છે.

લગભગ એક કલાક સુધી વાત ચાલી. આ બધું સાંભળીને મગજ સાવ સુન્ન થઈ ગયું હતું. અહંકાર દૂર થઈ ગયો. મને લાગ્યું કે આપણે અમે કંઈકના ખોટા ઢોંગમાં રાચી રહ્યા છીએ. તેમની સાદગી જોઈને મને થયું કે હું તેમની સામે સાવ શુન્યમાત્ર છું. કોઈ દીકરોમાંનું વચન પૂરું કરવા રામ બનવા તૈયાર છે તો તે રામને વનવાસમાં સાથ આપવા તેમની પત્ની સીતા રૂપે તૈયાર છે. મારી નજરે આ લોકો હકીકતમાં કલિયુગના રામ-સીતા છે.આ મહાન વ્યક્તિઓના નામ-ડોક્ટર. દેવ ઉપાધ્યાય, ડોક્ટર. સરોજ ઉપાધ્યાય

નિ:સ્વાર્થ સેવા સમિતિ દ્વારા

જસદણ સિવિલના દર્દીઓને મગના ઓસામણનું વિતરણ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જસદણ, તા.૪

જસદણ નિ:સ્વાર્થ સેવા સમિતિના આયોજન હેઠળ જસદણની સરકારી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોરોનાગ્રસ્ત દર્દીઓ તેમજ સામાન્ય દર્દીઓ અને સરકારી હોસ્પિટલમાં સેવા આપી રહેલા તમામ સ્ટાફ માટે વિવિધ પ્રકારની કુદરતી ઔષધીથી ભરપુર અને શુદ્ધ ઘી માં તૈયાર કરવામાં આવેલ ગરમા ગરમ આરોગ્ય વર્ધક મગના ઓસામણનું વિતરણ કરતા દર્દીઓ સહિત કુલ ૯૪ લોકો સ્વાદથી પ્રભાવિત થયા હતા.(૩.૭)

અનેક ખાનગી હોસ્પિટલોમાં પુરતા ફાયર સેફટીના સાધનો ન હોવાની ચર્ચા

રાજકોટની ૧૮ હોસ્પિટલોને નોટિસ

ફાયર સેફટીના સાધનોની પુર્તતા માટે ફાયર વિભાગે નોટિસ પાઠવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

રાજકોટની ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલમાં બનેલી આગની ઘટના બાદ સમગ્ર રાજયભરમાં તેના પડધા પડયા હતા. કોવિડ હોસ્પિટલ ઉપરાંત ખાનગી હોસ્પિટલમાં રાજકોટના ફાયર વિભાગ દ્વારા ફાયર સેફટીના સાધનો અંગે ચેકીંગ હાથ ધરેલ.

ફાયર શાખા દ્વારા ગુરૂવારે શહેરની ૧૮ ખાનગી હોસ્પિટલમાં ફાયર સેફટીના સાધનોની પુર્તતા માટે નોટિસ આપતા હોસ્પિટલના સંચાલકોમાં દોડા-દોડી થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે.

શહેરની અનિષ, કોથાણી, થાનકી, દસ્તુર, પુજા, યશ, ડો.અનિલ પટેલ યુનિક હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર, વિરાજ, ડો.ભરત પારેખ, શિવ હોસ્પિટલ, સદભાવના, સીલપેન્સ, પાસાણી, કે.જે.પટેલ જનરલ હોસ્પિટલ ડો.નાગ્રેચા હોસ્પિટલ, ડો.પંડયા હોસ્પિટલ, એમ.જી.ભાલોડીયા, ડો. ઉષાબેન ગૌસાઈ એન્જલ હોસ્પિટલ અને આશકા મેટરનીટી હોમને નોટિસ આપવામાં આવી છે. ફાયર વિભાગ દ્વારા જુદી-જુદી ટીમો બનાવી ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.(૧.૪)

ભરૂચના હાંસોટમાંથી ૩ લાખનો દારૂ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભરૂચ,તા.૪

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાંથી પોલીસે ૩ લાખ રૂપિયા ઉપરાંતની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. હાંસોટ પોલીસે પ્રોહિબિશન રેડ કરી ૩ લાખ ૪ હજાર ૮૦૦ રૂપિયાનો ભારતીય બનાવટનો વિદેશી ઝડપી પાડ્યો હતો. સચોટ બાતમીના આધારે હાંસોટ પોલીસ મથકના ઇન્ચાર્જ પીઆઇ કે એમ ચોધરી તથા સાથી પોલીસ કર્મચારીઓએ મળી પ્રોહિબિશન રેડ કરી હાંસોટ ટાઉનમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી

પાડ્યો હતો. પોલીસે વિવિધ બ્રાન્ડની બોટલો મળી કુલ ૩ લાખ ૪ હજાર ૮૦૦ રૂપિયાનો મુદ્દામલ ઝડપી પાડ્યો હતો. જો કે લાખો રૂપિયાનો વિદેશી દારૂના બંને આરોપી પોલીસ પકડથી બહાર છે. મુજમ્મીલ ઉર્ફે મુન્નો બશીર શૈખ રહે. ટાકવાડા, હાંસોટ અને મુજફ્ફીર ઉર્ફે ગોરૂ બશીર શૈખ રહે. ટાકવાડા, હાંસોટ નામના વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા પોલીસે કવાયત હાથ ધરી છે.(૩.૧)

રામ–રહિમ ફાઉન્ડેશન અને એસ.પી. સેવા સંસ્થાનના ઉપક્રમે

ચોટીલામાં આવતીકાલે વિનામૂલ્યે આયુર્વેદ નિદાન કેમ્પ

મુરલીધર આયુર્વેદ હોસ્પિટલના નિષ્ણાંત ડોકટરો સેવા આપશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ચોટીલા,તા.૪

ચોટીલામાં રામ-રહીમ ફાઉન્ડેશન અને એસ.પી.સેવા સંસ્થાન ના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન આવતી કાલે કરવામાં આવ્યું છે. આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ અને વાય.ફોર.ડી. ફાઉન્ડેશન દ્વારા આયુષ્યમાન આધાર પ્રોજેકટ અંતર્ગત ચોટીલા મુરલીધર આયુર્વેદ હોસ્પિટલના સૌજન્યથી આવતીકાલના રોજ સવારે ૯વાગ્યે મફટીયાપરા સ્થિત પ્રાથમિક શાળા નંબર-૭, ચામુંડા ધર્મશાળા પાછળ મેડિકલ કેમ્પ રાખવામાં આવ્યો છે.

જેમાં પ્રો. ડો. સ્મિતાબેન (એમ. ડી. આયુર્વેદ) સંધિવા, પક્ષઘાત, બ્લડ પ્રેશર (BP), ગેસ, એસીડીટી તથા સ્ત્રી રોગ માટે, ડો. મનોજ જીવાણી (બી.એ.એમ.એસ.) હરસ, મસા, ભગંદર, ગાંઠ, કપાસી, ગુમડા વગેરે માટે, ડો. સારિકાબેન પાટીલ (એમ. ડી. આયુર્વેદ), બાળકોના રોગો જેવા કે તાવ, શરદી, ઉધરસ, ભૂખના લાગવી, પેટ માં કૃમિ, પેટ નો દુ:ખાવો, બાળકનો વિકાસના થવો વગેરે રોગ માટે, ડો.ધારાબેન મકવાણા (એમ. એસ. આયુર્વેદ) આંખ, કાન, નાક, દાંત તથા ગળાના રોગ જેમકે શરદી, ઉધરસ, શ્વાસ, વાળ ખરવા, માંથુ દુ:ખવુ વગેરે માટે, ડો. ગણેશસર (એમ.ડી.આયુર્વેદ) વા, સંધિવા, ગાંઠીયો વા, કમર, ખંભા, ગોઠણ વગેરે નો દુખાવો માટે, ડો. હાર્દિક સર (એમ. ડી. આયુર્વેદ) ચામડી ના રોગ, કબજિયાત, ગેસ, એસીડીટી, ડાયાબિટીસ વગેરે રોગ મટે નિ:શુલ્ક સારવાર અને દવા આપશે. આ વિશે વધુ માહિતી માટે રામ રહીમ ફાઉન્ડેશનના પ્રમુખ મોહસીનખાન પઠાણ મો. ૯૨૨૮૪૩૨૫૬૦ નો સંપર્ક કરવા જણાવાયું છે.(૩.૧૮)

અમરેલીની ગંગાવિહાર સોસાયટીમાં ગોકળ ગાયની ગતિએ ચાલતું રોડનું કામ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી, તા.૪

અમરેલીમાં લાઠી રોડ પર ગંગા વિહાર સોસાયટી આવેલ છે. તેમાં છેલ્લા બે મહિનાથી રોડનું કામ ચાલુ કરેલ છે. જે આજની તારીખ સુધી પૂર્ણ થયેલ નથી. અને સોસાયટીના રહીશોને વાહનથી અવર જવરમાં ખૂબ જમુસીબતનો સામનો કરવો પડે છે.

બે મહિનાથી ચાલતું રોડનું કામ ઝડપથી પૂર્ણ કરવા માંગ

રહેવાસીઓ વાહનો મેઈન રોડ બંધ હોવાથી રેલ્વે વાળા રોડ પરથી ફરજિયાત ચાલવું પડે છે. જયાં વચ્ચે લોકો કુદરતી હાજતે કરતા હોય છે. જયાં અનેકવાર લેડીઝ ક્ષોભજનક સ્થિતિમાં મૂકાય છે. આ અંગે અવાર નવાર રજૂઆતની પણ કોઈને અસર થતી નથી. સ્થાનિકોને થાય છે કે આના કરતા રોડ ન બનાવ્યો હોત તો સારૂ હતું. ગત તા.૧/૧૦થી રોડનું કામ ચાલુ કરેલ છે જે આજ સુધી પૂર્ણ થયેલ નથી. ઝડપથી પૂર્ણ કરવા માંગ ઉભી થઈ છે.(૩.૧૯)

રાત્રિ કર્ફયુમાં તાલુકા પોલીસને યુવાનો દ્વારા નાસ્તા વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

હાલમાં ચાલી રહેલા રાત્રિ કર્ફયુ દરમિયાન રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન (મોટામવા) અંતર્ગત આવેલા પોઈન્ટ પર ફરજ બજાવતા પોલીસકર્મીઓને સેવાભાવિ યુવાનો અમિત ભાલારા, હર્ષ ભાલારા સહિતે નાસ્તાનું વિતરણ કરેલ હતું. આ સેવાકાર્ય દરમિયાન પી.આઈ. જે.વી.ધોળાએ આપેલા સહકાર બદલ સેવાભાવિ યુવાનોએ આભાર માન્યો હતો.(૩.૨૧)

પેટ્રોલિયમ કંપનીઓને મોકળુ મેદાન?

અમરેલીઃ રોજબરોજ વધતા ઈંધણના ભાવથી પ્રજા ત્રાહિમામ

મોંઘવારીથી ત્રસ્ત ગરીબ–મધ્યમવર્ગીય પરિવારોનું જીવન સંઘર્ષમય બન્યું

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી, તા.૪

પેટ્રોલીયમ કંપનીઓ દિઉગેને પેટ્રોલ-ડિઝલનો ભાવ વધારો કરીને ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને પડયા પર પાટુ મારી રહી છે અને ચૂંટાયેલી સરકારને ગરીબો કે મધ્યમવર્ગીય પરિવારોની કોઈ ચિંતા જોવા મળતી નથી.નોટબંધીથી શરૂ કરીને વાયા જીએસટી થઈને લોકડાઉન સુધીની ભારતયાત્રા દરમિયાન દેશનાં કરોડો પરિવારો તોબા પોકારી ચુક્યા છે. અચ્છે દિનનાં વચનો આપીને દેશવાસીઓને બુરે દિન બતાવવામાં આવી રહ્યાં છે. અચાનક લાગુ થયેલ લોકડાઉનનાં કારણે કરોડો પરિવારોની રોજીરોટી છીનવાઈ ગઈ છે. બેરોજગારી અને મોંઘવારીએ અજગર ભરડો લીધો છે અધુરામાં પુરૂ છેલ્લા ઘણા દિવસોથી દિઉગેને પેટ્રોલ-ડિઝલનાં ભાવમાં વધારો થતાં મોંઘવારી બેકાબુ બની રહી છે. ચૂંટાયેલ પ્રતિનિધિઓ અમીરીમાં આળોટતા હોય તેઓને કરોડો પરિવારોની વ્યથા નજરે ચડતી નથી.

સ્થાનિક બજારની વાત કરીએ તો પેટ્રોલ-ડિઝલનાં ભાવમાં ફરી વધારો થયો છે. સરકારી ઓઈલ કંપનીઓએ પેટ્રોલના ભાવમાં ૧૭ પૈસા અને ડિઝલના ભાવમાં ૧૯ પૈસા પ્રતિ લીટરનો વધારો કર્યો છે. દિલ્હીનો ભાવ જોઈએ તો પેટ્રોલ ૮૨.૬૬ રૂપિયા પર તો ડિઝલ ૭૨.૮૪ રૂપિયા પ્રતિલીટર પર પહોંચી ગયું છે. પેટ્રોલ-ડિઝલની કિંમતો દેશમાં ૨૫ મહિનાનાં ઉચ્ચ સ્તર પર પહોંચી ગઈ છે. જો મધ્યપ્રદેશની વાત કરીએ તો અહીં ભાવ સૌથી વધુ છે. મધ્યપ્રદેશ એક લીટર પેટ્રોલનોભાવ ૯૦.૪૨ રૂપિયા અને ડિઝલનો ભાવ ૮૦.૫૯ રૂપિયા થઈ ગયો છે. મુંબઈમાં પેટ્રોલ ૮૯.૩૩ રૂપિયા અને ડિઝલ ૭૯.૪૨ રૂપિયા પ્રતિ લીટર છે. કોલકાતામાં પેટ્રોલ ૮૪.૧૮ રૂપિયા અને ડિઝલ ૭૬.૪૧ રૂપિયા પ્રતિ લીટર છે. ચેન્નઈમાં પેટ્રોલ ૮૫.૫૯ રૂપિયા અને ડિઝલ ૭૮.૨૪ રૂપિયા પ્રતિ લીટર છે.

વિદેશી કરન્સી દરોની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડનો ભાવ શું છે તેના આધારે રોજ પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ફેરફાર થાય છે. પેટ્રોલ અને ડિઝલના ભાવમાં એકસાઈઝ ડયુટી, ડીલર કમીશન અને અન્ય ચીજો જોડયા બાદ આ ભાવ લગભગ બે ગણા થઈ જાય છે. નોંધનીય છે કે રોજ સવારે ૬ વાગ્યે પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ફેરફાર થાય છે. સવારે ૬ વાગ્યાથી જ નવા દર લાગુ થઈ જાય છે.(૩.૧૨)

૨૦ વર્ષ પહેલા બનાવાયેલા

સુરતના રીંગ રોડ ઓવરબ્રિજનું ૧૪.૬૬ કરોડના ખર્ચે રીપેરીંગ કરાશે

ટ્રાફિકથી ધમધમતો બ્રિજ ૪ મહિના સંપૂર્ણ બંધ રહેતા ટ્રાફિક સમસ્યા વકરવાની ભીતિ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત,તા.૪

પાલિકામાં ટેન્ડર સ્કૂટિની કમિટિની બેઠક મળી હતી. તેમાં જુદા-જુદા કામોના ટેન્ડરો મંજૂર કરવામાં આવ્યાં છે. સુરતમાં સતત ટ્રાફિકથી ધમધમતાં રીંગરોડ ફલાય ઓવર બ્રિજના રીપેરીંગ માટે તૈયારી થઇ રહી છે. ૨૦ વર્ષ પહેલા ૧૮ કરોડના ખર્ચે બનેલા બ્રિજનું ૧૪.૬૬ કરોડના ખર્ચે રિપેરીંગ થશે. બ્રિજ રીપેરીંગ માટે આઠ માસ લાગશે. જેમાં ૪ મહિનાથી વધુ સમય સુધી સુપર સ્ટ્રકચર રીપેરીંગની કામગીરી દરમિયાન સંપૂર્ણ બંધ રહેશે. આ વિસ્તારમાં ટ્રાફિક ડાઈવર્ટ કરવા બીજો વિકલ્પ ન હોવાથી ટ્રાફિક સમસ્યા વકરવાની ભીતિ છે.

રીંગરોડ ફલાય ઓવરબ્રિજને રૂપિયા ૧૪.૬૬ કરોડના ખર્ચે રીપેરીંગ અને રીહેબિલીટેશન કરવામાં આવશે. તેમાં સ્ટ્રક્ચર, બેરિંગ, વિરિંગકોટ, કલરકામ સહિત રિપેરિંગ કરવામાં આવશે. આ બ્રિજ ૨૦૦૦ની સાલમાં લગભગ ૧૮ કરોડના ખર્ચે બન્યો હતો. જેમાં સુપર સ્ટ્રકચર સિવાયની કામગીરી કરવાની હશે ત્યારે ત્રણ માસ વાહન વ્યવહાર તુટક તુટક બ્રિજ પરથી ચાલુ રહેશે. પરંતુ ચાર માસથી વધુ સમયની કામગીરી દરમિયાન બ્રિજ પરથી વાહન વ્યવહાર ફરજયાત બંધ રાખવાનો રહેશે.

આ વિસ્તારમાં સંખ્યાબંધ ટેક્સટાઈલ માર્કેટ આવી હોવા ઉપરાંત રેલવે સ્ટેશન જવા માટે પણ હજારો લોકો આ રોડનો જ ઉપયોગ કરી રહ્યાં છે. જેથી બ્રિજ બંધ કરાયા બાદ બ્રિજ નીચે રીંગરોડ પર ટ્રાફિકની સમસ્યા વકરવાની ભીતિ દર્શાવાઈ રહી છે.(૩.૨૨)

પાલિકાએ શહેરીજનોની માંગ સ્વીકારી

અમરેલીનાં બ્યુટીફિકેશન પાર્કમાં સફાઈનું કાર્ય

શહેરીજનો પાર્કમાં પ્રવેશતા બેફામ ગંદકી જોવા મળતી હતી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી, તા.૪

અમરેલીનાં રાજમર્ગો ગણાતા ચિતલ રોડ અને વરસડા રોડ પર પાલિકા દ્વારા લાખો રૂપિયાનાં ખર્ચે રોડની સાઈડમાં પાર્ક બનાવવામાં આવેલ છે જેનો લાભ મોટી સંખ્યામાં શહેરીજનો લઈ રહ્યાં છે. દરમિયાન પાર્કમાં ગંદકીનો માહોલ ઉભો થતાં

શહેરીજનોને પાર્કમાં બેસવામાં મુશ્કેલી ઉભી થતી હતી અને આ બાબતે પાલિકાનાં આરોગ્ય અધિકારી દેસાઈ સુધી રજૂઆત થતાં તેઓએ આજે જ સફાઈની કામગીરી શરૂ કરાવી હતી અને હવે સરદાર સર્કલથી લઈને ઠેબી જળાશય અને વરસડા બાયપાસ સુધી નિયમિત સફાઈ કાર્ય કરવાની ખાત્રી આપવામાં આવી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, પાલિકાનાં શાસકોએ પાર્કમાં સફાઈ કાર્ય શરૂ કર્યુ છે ત્યારે પાર્કનો ઉપયોગ કરતાં અને પાર્કની નજીકમાં રહેતા પરિવારોએ પણ પાર્કની સ્વચ્છતા જળવાઈ રહેતે માટે સહકાર આપવો જરૂરી છે.(૩.૧૫)

આરડીસી બેંકના કર્મચારીની પ્રમાણિકતા

જસદણઃ લોકર રૂમમાં ભુલાયેલા ૫૦ હજાર પરત કર્યા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જસદણ, તા.૪

રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો.ઓપરેટિવ બેંકની પીપરડી શાખાના લોકર ધારક અશ્વિનભાઈ સાંકળિયા પોતાનું લોકર ખોલતી વખતે રૂ.૫૦૦૦૦ ની થેલી બેંકના લોકર રૂમમાં ભૂલથી ભૂલી ગયેલ ત્યાર બાદ શાખાના કર્મચારી આર.એન.કથીરીયા લોકર ઓપરેટ કરવા જતા તે રકમ ભરેલી થેલી નજરમાં આવેલ અને તેની જાણ શાખાના બ્રાન્ચ મેનેજર આર.કે વીરજાને કરેલ ત્યારબાદ લોક ખોલવા આવેલ લોકર ધારકોની

ખરાઈ કરતા તે થેલી લોકર ધારક અશ્વિનભાઈ સાંકળિયાની હોવાનું માલૂમ પડેલ અને તે રકમ પરત કરી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંકના પ્રમાણિક કર્મચારી તરીકેનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલ હતું.(૩.૧૭)

સુરત પોલીસે યુવક પાસેથી ૧-૧-૨૦૨૧ની તારીખનો દંડ વસૂલ્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત,તા.૪

કોરોના મહામારી વચ્ચે જો સક્રમણ અટકવું હોય તો માસ્ક ફરજીયાત પહેરવાની સૂચના સરકારે આપી છે ત્યારે માસ્ક નહિ પહેરનાર ને તત્ર દ્વારા દંડ કરવામાં આવે છે માસ્ક વગર દેખાતા લોકો દંડ ભરી દેતા જોવા મળી રહ્યાં છે ત્યારે પ્રથમ સર્કલ આત્મન પાર્ક સોસાયટી નજીક એક વ્યક્તિને પોલીસે માસ્ક વગર હજાર રૂપિયાનો દંડ કર્યો હોય છે. જો કે, પોલીસે દંડની રસિદમાં લખેલી તારીખ પહેલી જાન્યુઆરી ૨૦૨૧ની લખેલી હોય છે. જેથી દંડ ભરનારે સવાલ ઉભો કર્યો છે કે, પોલીસનો ડિસેમ્બરનો ક્વોટા પૂરો થઈ ગયો છે અને જાન્યુઆરીનો ટાર્ગેટ અત્યારથી પુરો કરવા આવી રીતની તારીખ લખતી હશે અથવા તો રસિદ બૂક પણ ડુપ્લિકેટ હોય શકે છે અને આ પણ બહુ મોટુ કૌભાંડ બહાર આવી શકે તેમ હોય દંડની રસિદોની પણ યોગ્ય તપાસ થવી જોઈએ તેમ દંડ ભરનાર યશદીપ પ્રજાપતિએ તંત્ર સામે સવાલો ઉભા કર્યા છે. કોરોના મહામારી વચ્ચે કોરોના કોઈ દવા અથવા રસી નથી ત્યારે માસ્ક અને સોસલડિસ્ટ એજ હાલમાં કોરોના દવા છે ત્યારે કેટલાક લોકો આ નિયમો નથી પડતા અને ગુજરાત માં સક્રમણ જે રીતે વધી રહીયુ છે ત્યારે આ નિયમો તંત્ર દ્વારા કડક બનાવામાં આવ્યા છે જોકે આ નિયાનો આમતો સામાન્ય માણસ માટે છે તંત્રના રાજકીય આગેવાનો અને સરકારી અધિકારીઓને આવા કોઈ દંડ થયા નથી.

મૂળ હિંમત નગરના વતની એવા યશદીપે નોકરી કરવા માટે કોરોના મહામારી વચ્ચે હિંમત કરી સુરત તો આવ્યા અને પ્રથમ સર્કલ આત્મન પાર્ક સોસાયટી ઉભા હતા ત્યારે એક રિક્ષામાં સવાર થઈને ત્રણેક પોલીસ કર્મચારી આવ્યા અને યશદીપે માસ્ક ન પહેર્યુ હોવાને લઈને પહેલા તેમનો ફોટો પાડી લીધો અને ત્યાર બાદ દંડની રકમ માંગી હતી જેથી યશદીપે માસ્કની જગ્યાએ પહેલા રૂમાલ ચહેરા પર બાંધ્યો હતો.અને પોલીસે દંડ માંગતા રૂપિયા એક હાજર આપ્યા અને દંડ ની રસીદ લીધી હતી.

સુરત મનપાનું નવુ અભિયાન, માસ્ક નહિ તો ટોકેંગે, કોરોના કો ભગાયેંગે...

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત,તા.૪

સુરત સહિત સમગ્ર રાજ્યમાં કોરોના વાયરસના કેસોમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. જેમાં પણ ખાસ કરીને સુરતની વાત કરીએ તો દિવાળીના પર્વ બાદ સતત કેસોની સંખ્યા વધી રહી છે. દિવાળી પહેલા કેસોની સંખ્યા ૧૫૦ જેટલી સરેરાશ જોવા મળતી હતી. જોકે ત્યારબાદ આ કેસોની સંખ્યા અઢીસોને પાર થઈ ગઈ છે. ત્યારે અત્યાર સુધી સુરત મહાનગર પાલિકા દ્વારા કુલ ૩ કરોડથી વધુનો દંડ લોકો પાસેથી વસૂલ કર્યો છે.

અમરેલી તાલુકા પોલીસે કતલખાને ધકેલાઈ રહેલ પશુઓને બચાવ્યા

૬.૪૫ લાખના મુદ્દામાલ સાથે ડ્રાઈવરની અટકાયત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી, તા.૪

અમરેલી તાલુકા પોલીસે ગત રાતનાં લાઠી રોડ ઉપરથી કતલખાને ધકેલાઈ રહેલ ભેંસો તેમજ પાડરૂ સહિત ૧૧ જીવોને બચાવી લેવામાં આવેલ હતા. પોલીસે ટ્રકનાં ડ્રાઈવરને રૂ. ૬.૪૫ લાખનાં મુદામાલ સાથે ઝડપી લેવામાં આવેલ હતો. પ્રાપ્ત વિગત મુજબ પશુઓને કતલખાને ધકેલવામાં અમરેલી જીલ્લો એપી સેન્ટર હોય તેમ છાશવારે ગૌવંશ તેમજ ભેંસોને કતલખાને ધકેલાતી બચાવી લેવામાં આવે છે. આજે વધુ એક ઘટનામાં અમરેલી જીલ્લા પોલીસ કન્ટ્રોલને મળેલ મેસેજ મુજબ ગત રાત્રીનાં પોણા અગીયાર વાગ્યાનાં સુમારે અમરેલી તાલુકા પોલીસ મથકનાં કે.એસ. સોલંકી, એસ.બી. સૈયદ સહિતનાં પોલીસકર્મીઓએ લાઠી રોડ ઉપર આવેલ વરસડા ગામનજીકથી ટ્રક નંબર જી.જે.-૧૪-એકસ ૧૬૧૭ને રોકી તલાશી લેવામાં આવેલ હતી. તલાશી દરમ્યાન ટ્રકમાં ભેંસ નંગ-૯ તેમજ ભેંસનાં પાડરૂ નંગ-૨ સહિતનાં પશુઓ કતલખાને ધકેલાઈ રહેલ હોવાનું માલુમ પડેલ હતું. પોલીસે ટ્રક ડ્રાઈવર આદિલ રફીક ખોરાણી (ઉ.વ. ૨૦) રે. મીની કસ્બા શેરી-૨ વાળાની રૂપિયા ૬.૪૫ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવેલ હતી. ભેંસ ૧૧ને કતલખાને ધકે લાતી બચાવી પાંજરાપોળ હવાલે કરવામાં આવેલ હતી.(૩.૧૪)

અવસાન નોંધ

રાજકોટ: મૂળ બગસરા હાલ ગોંડલ નિવાસી સ્વ.નાનજીભાઈ લાલજીભાઈ જોગીના પત્ની કાંતાબેન (ઉ.૯૩) તે જયસુખભાઇ (મુંબઈ), સ્વ.કિશોરભાઈ (જેતપુર), જગદીશભાઈ (રાજકોટ), અશોકભાઈ (અમદાવાદ), પ્રભાકરભાઈ (મુંબઈ), વસંતભાઈ (ગોંડલ) તેમજ રમાબેન કાંતિલાલ બોસમીયા (મુંબઈ)ના માતા તેમજ લંડનવાળા મકનજી કેશવજી આશારાના પુત્રીનું તા.૩ ના રોજ અવસાન થયેલ છે. ટેલિફોનિક બેસણું શુક્રવારે, તા.૪ નારોજ સાંજે ૪થી ૬ રાખેલ છે. જયસુખભાઇ ૯૩૨૨૫૦૨૬૮૩, જગદીશભાઈ ૮૭૫૮૭૫૦૪૨૨, વસંતભાઈ ૮૬૯૦૯૪૮૮૨૪

અમરેલીઃ સંવેદન ગૃપ દ્વારા ૭૪મું ચક્ષુદાન લેવાયું

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી, તા.૪

અમરેલીનાં જશોદા નગરમાં વસતા સુરગવાળા હાઈસ્કૂલ વડિયાનાં નિવૃત શિક્ષક અર્જુનભાઈ રામભાઈ ભુવા (ઉ.વ. ૭૩)નું ગુરૂવારનાં રોજ અવાસન થતાં તેમના શિક્ષિત પુત્રો રાજેન્દ્રકુમાર એ. ભુવા (શિક્ષક, રાજકોટા) તેમજ હિરેનભાઈ એ. ભુવા (એસ.ટી. ડ્રાઈવર, અમરેલી)એ સ્વર્ગસ્થની ઈચ્છા મુજબ નેત્રદાનનો નિર્ણય કર્યો. તેઓએ નેત્રદાન માટે કમલેશભાઈ ગરાણીયા તથા ભરતભાઈ ગરાણીયાના માધ્યમથી ચક્ષુદાન માટે કાર્યરત જાણીતી સેવાભાવી સંસ્થા સંવેદન ગૃપનો સંપર્ક કર્યો હતો.

આ ચક્ષુદાન સ્વીકારવા માટે સંસ્થાના પ્રમુખ વિપુલ ભટ્ટી, મંત્રી મેહુલ વાઝા સાથે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાંચના સેક્રેટરી

મેહુલભાઈ વ્યાસ, કૂજૈલા અંસારી, મોહસીન બેલીમ, દર્શન પંડયા તથા મીત જોષીએ સેવા આપી હતી. ભુવા પરિવારે સમાજ માટે પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂ પાડયું હતું. આ પક્ષુદાન બે અંધજનોના જીવનમાં રોશની લાવશે. વૈશ્વિક મહામારી કોરોનાને કારણે છેલ્લા નવ મહિનાથી ચક્ષુદાન પ્રવૃત્તિ બંધ હતી. ચક્ષુદાતાના મૃત્યુનું કારણ, ડોકટર વિઝીટ તેમજ સરકારની માર્ગદર્શિકા મુજબ આ ચક્ષુદાન સ્વીકારવામાં આવ્યું હતું. તેમ સંવેદન ગૃપનીઅખબારી યાદીમાં જણાવેલ છે.(૩.૧૬)

બપોરના ૩થી ૫ સુધી શ્રધ્ધાંજલિ સભાનું આયોજન

અમરેલીમાં આજે સ્વ. સાંસદ અભય ભારદ્વાજને શ્રધ્ધાંજલિ અર્પણ કરાશે

જિલ્લા સમમસ્ત બ્રહ્મસમાજનાં નેતૃત્વમાં દરેક સમાજ દ્વારા શ્રધ્ધા સુમન અર્પણ કરાશે

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી, તા.૪

જાણીતા એડવોકેટ અને બ્રહ્મસમાજનાં અગ્રણી એવમ રાજયસભાનાં સાંસદ અભય ભારદ્વાજનું નિધન થતાં સમગ્ર સૌરાષ્ટ્રમાં શોકનો માહોલ છવાયો છે.

દરમિયાનમાં અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ ઉદયન ત્રિવેદીએ જણાવેલ છે કે, આજે બપોરે ૩થી ૫ સુધી શશાંક મહાજન પાર્ટી પ્લોટ, રેલ્વે સ્ટેશન નજીક સમસ્ત બ્રહ્મસમાજ અને દરેક સમાજનાં સહયોગથી શ્રધ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવેલ છે.(૩.૧૩)

Dt.04-12-2020 8 શુક્રવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

વડાપ્રધાન મોદી રાજકોટની મુલાકાત લે તેવી સંભાવના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સ્વ.અભયભાઈ ભારદ્વાજના નિવાસ સ્થાને જઈ સાંત્વના પાઠવશે :સુત્રો

રાજકોટ, તા.૪

આગામી તા.૧૪ અને ૧૫ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કચ્છની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે. અનેક કાર્યક્રમોમાં તેઓ હાજરી આપવાના છે. એ દરમ્યાન થોડો સમય કાઢીને તેઓ રાજકોટની ઉડતી મુલાકાતે આવે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે. ભાજપના આંતરીક સુત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર વડાપ્રધાન બે દિવસ દરમ્યાન ગમે તે દિવસે થોડો સમય લઇ રાજકોટ આવે તેવું જણાય રહયું છે. રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી અને રાજયસભાના સભ્ય સ્વ.અભયભાઈ ભારદ્વાજના નિવાસ સ્થાનની મુલાકાત લઇ વડાપ્રધાન મોદી સદ્ગતના પરિવારને મળી સાંત્વના પાઠવશે.

રાજકોટના ઈતિહાસમાં ગુજસીટોકનો બીજો ગુનો નોંધાયો

નામચીન ઈમરાન મેણુ આણી ટોળકી સામે ગુજસીટોકનો ગુનો દાખલ

ખુન, લૂંટ, હત્યાની કોશીષ એટ્રોસીટી, રાયોટ, જુગાર ખંડણી સહિતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા ભીસ્તીવાડના ૧૧ નામચીન શખ્સોને નાથવા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી

(તસવીરઃ પંકજ ડાભી)

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૪

રાજયમાં સંગઠીત ગુના આચરતી ટોળકી સામે કડક કાર્યવાહી કરવા અને સમાજમાં આમ પ્રજામાં કાયમી માટે ભયનું વાતાવરત ફેલાવતા ગુનેગારોને નાથવા સરકાર દ્વારા અસરકાર અને કડક કાર્યવાહી કરવા ૨૦૧૫માં નવા કાયદો ધી ગુજરાત કંન્ટ્રોલ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ(ગુજસીટોક)એકટને મંજુરી આપતા અને પોલીસ દ્વારા ગુજરાત માં સૌ પ્રથમ અમદાવાદ, અમરેલી, જામનગર બાદ રાજકોટ પોલીસે આ કડક કાયદા ગુજસીટોક હેઠળ સામાકાંઠાના દુધ સાગર રોડ પરના નામચીન ઈમ્તીયાઝ ઉર્ફે લાલો ભીખુ રાઉમાની ટોળકી સામે રાજકોટ પોલીસે પ્રંથમ ગુજસીટોકનો ગુનો નોંધી ઈતિહાસ રચયો હોય ત્યારબાદ જામનગરમાં ભુમાફીયા જયેશ પટેલ આણી ટોળકી સામે આ ગુના હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી ત્યારે રાજકોટમાં આવેલા ભીસ્તીવાડ માં નામચીન ઈમરાન મેણુ આણી ટોળકી ફરી સક્રિય બનતા અને ભિસ્તીવાડના નામચીન હકુભા મીયાણીના પુત્ર સહિતના શખ્સોએ પોલીસ પર હુમલો કર્યા બાદ પ્રનગર પોલીસે સંગઠીત ગુના આચરતી ટોળકી સામે ગુજસીટોકનો ગુનો નોંધી ઈમરાન મેણુ સહિત ૧૧ શખ્સો સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ પ્રનગર

(અનુ.પાના નં.૪ ઉપર)

ઈમરાન મેણુ આણી ટોળકીનો ગુનાહીત ઈતિહાસ

જંકશન પાસે આવેલા ભિસ્તીવાડમાં રહેતા ઈમરાન મેણુ આણી ટોળકીના ૧૧ શખ્સોએ ૨૦૧૧થી આજદીન સુધીમાં સમખાતરે વારંવાર એકબીજા મળીને ગુન્હાખોરી આચરતા રહયા છે જેમાં પ્રનગર પોલીસે ધરપકડ કરેલા સરતાજ ઉર્ફે રાજન ઈમીદ ખીયાણી ઉપર દસ ગુના દાખલ થયા છે.માજીદ ઉર્ફે પપ્પુ સુલેમાન જુણાય ઉપર છ ગુના નોંધાયા છે,ઈમરાન જાનમરમદ મેણુ ઉપર નવ ગુના નોંધાયા છે, મીરજાદ અકબર ઉર્ફે હકુભા ખીયાણી ઉપર અનેક ગુના નોંધાયા છે, જયારે માજીદ રફીક ભાણું અને મુસ્તુફા અકબર ઉર્ફે હકુભા ખીયાણી હાલ પીએસઆઈ પર પથ્થર મારો કરવાના ગુનામાં

(અનુ.પાના નં.૪ ઉપર)

'ગુજસીટોક' ગુનામાં કામગીરી કરનાર ટીમ

રાજકોટ શહેરના પ્રનગર પોલીસ મંથકના પીઆઈ એલ.એલ.ચાવડા, કે.ડી.પટેલ (પો.સબ.ઇનસ., સર્વેલન્સ સ્કોડ), દેવશીભાઈ ખાંભલા (પો.હેડ કોન્સ.), વિજયરાજસિંહ જાડેજા (પો.હેડ કોન્સ.), યુવરાજસિંહ જાડેજા (પો.કોન્સ., સર્વેલન્સ સ્કોડ), અશોકભાઈ હુંબલ (પો.કોન્સ., સર્વેલન્સ સ્કોડ), મહાવીરસિંહ જાડેજા (પો.કોન્સ.), અક્ષયભાઈ ડાંગર (પો.કોન્સ.), હરેશભાઈ કુકડીયા (પો.કોન્સ.) સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.

ભિસ્તીવાડના ૧૧ સામે ગુનો : ચારની ધરપકડ

સરકાર તથા ગૃહવિભાગ દ્વારા આવા અસામાજીક ઇસમો દ્વારા બનાવેલ સંગઠીત ગુન્હાઓ કરતી ટોળકીઓને અંકુશમાં લઇ તેઓની આવી અસામાજીક પ્રવૃતિઓને કાયમને માટેથી નેસ્ત-નાબુદ કરવા અંગે ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરેરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝડ ક્રાઇમ એકટ સને.૨૦૧૫નો કાયદો અસ્તીત્વમાં લાવવામાં આવેલ છે. રાજકોટ શહેરના હે.પો.કમિ. મનોજ અગ્રવાલ સા.નાઓની સીધી સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સ્ટે.ના.પો.કમિ. મનોહરસિંહ જાડેજા, ઝોન-૨નાઓના સુપરવિઝન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નનર શ્રી પી.કે.દિયોરા, પશ્ચીમ વિભાગ, રાજકોટ શહેરનાઓએ વારંવાર ગુન્હાઓ કરવાની ટેવવાળા ઇસમોને શોધી કાઢી તેમના પર કાયદેસરની કાર્યવાહી કરવા માટે પ્ર.નગર પો.સ્ટે.ના પો.ઇન્સ. એલ.એલ.ચાવડા સા.ને વિગતવારની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.ડી.પટેલ તથા સ્ટાફના માણસોની અલગ અલગ ટીમો બનાવી, ખાનગીમાં આ સંગઠીત ગુન્હાઓ આચરનાર ટોળકીના સભ્યોએ એકબીજાને મદદગારી કરી ખુન, લુંટ, ધાડ, બળાત્કાર, આર્મસ એકટ, એટ્રોસીટી, રાયોટીંગ, મારી નાખવાની ધમકી, ખંડણી જેવી ગે.કા. પ્રવૃતિઓ આચરેલ હોય, અને સમગ્ર રાજકોટ શહેરમાં આ સંગઠીત ટોળકીઓએ અલગ-અલગ વિસ્તારોમાં કુલ-૭૬ ગુન્હાઓ આચરેલ હોય, તેવા કુલ-૧૧ સંગઠિત ટોળીના સભ્યો વિરૂધ્ધ પ્ર.નગર પો.સ્ટે.ના પો.ઇન્સ. એલ.એલ.ચાવડાએ ગુજરાત આતંકવાદ અને સંગઠીત ગુન્હા નિયંત્રણ અધિનિયમ-૨૦૦૫ હેઠળ પ્ર.નગર પો.સ્ટે.માં ધી ગુજરાત કંટ્રોલ ટેરેરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝડ ક્રાઇમ (G.C.T.O.C) એકટ ગુન્હો રજીસ્ટર કરાવેલ છે. સરતાજ ઉર્ફે રાજન હમીદભાઇ ખીયાણી, માજીદ ઉર્ફે પપ્પ સુલેમાનભાઇ જુણાચ, ઇમરાન જાનમહમદભાઇ મેણુ, મીરજાદ અકબરભાઇ ઉર્ફે હકુભા ખીયાણી ધરપકડ કરેલ છે. એજાજ ઉર્ફે ટકો અકબરભાઈ ઉર્ફે હકુભા ખીયાણી(૨હે. ભીસ્તીવાડ)મીરજાદ અકબરભાઈ ઉર્ફે હકુભા ખીયાણી ૨હે.(ભીસ્તીવાડ)સરતાજ ઉર્ફે રાજન હમીદભાઈ ખીયાણી(૨હે.ભીસ્તીવાડ સ્લમ ક્વાર્ટર૨)રીયાઝ ઈસ્માઈલભાઈ દલ(૨હે.હુડકો ક્વાર્ટર૨)રીઝવાન ઈસ્માઈલભાઈ દલ(૨હે.હુડકો ક્વાર્ટર૨)યાસીન ઉર્ફે ભુરો ઓસમાણભાઈ કઈડા(૨હે.સ્લમ ક્વાર્ટર૨)શાહરૂખ ઉર્ફે રાજા અલ્લારખાભાઈ ઉર્ફે બાબુ જુણેજા(૨હે.હુડકો ક્વાર્ટર૨)માજીદ રફિકભાઈ ભાણુ(ભીસ્તીવાડ)મુસ્તુફા અકબરભાઈ ઉર્ફે હકેભા ખીયાણી(૨હે.ભીસ્તીવાડ)

રાજકોટની ઉદય કોવિડ હોસ્પિટલને ક્લિનચીટ આપવાની વેતરણ ?

એ.કે.રાકેશનો બે દિવસમાં અહેવાલ આપવાનો દાવો પોકળ પુરવાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

રાજકોટની ગોકુલ હોસ્પિટલ સંચાલિત મવડી મેઇન રોડની ઉદય કોવિડ હોસ્પિટલના અગ્નિકાંડની તપાસમાં ગોકળ ગાયની ગતિ ચર્ચાનો વિષય બની રહી છે. ઇલેકટ્રીકલ એન્જીયરીંગનો રિપોર્ટ માત્ર બે દિવસમાં આવી જવાના દાવા પોકળ પુરવાર થયા છે. આધાર ભુત સુત્રો એવી આશંકા વ્યકત કરી રહયા છે કે, ઉદય કોવિડ હોસ્પિટલને અગ્નિકાંડમાં ક્લિનીન ચીટ આપી દેવાની વેતરણ ચાલી રહી છે.

અગ્નિકાંડનો ટેકનીકલ રિર્પોટ સાત દિવસ પછી હજુ પણ અધ્ધરતાલ

હોસ્પિટલની અગ્નિ દુર્ઘટનાને પગલે સુપ્રિમ કોર્ટે ખુદ સામેથી સંજ્ઞાન લીધુ હતું તેના કારણે તપાસ માટે રાજય સરકારે ગાંધીનગરથી અધિક એસીએસ એ.કે.રાકેશને રાજકોટ મોકલ્યા હતા. મોટા ઉપાડે તપાસનો ધમધમાટ શરૂ થઇ ગયો હતો. એ સમયે હોસ્પિટલ નિરીક્ષણ બાદ એ.કે.રાકેશે રાજકોટમાં પત્રકારો સમક્ષ એવી ખાતરી આપી હતી કે, ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગનો રિપોર્ટ બે દિવસમાં જ આવી જશે અને તેના આધારે આગાળની તપાસ તથા કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પરંતુ સાત સાત દિવસ વીતી ગયા છતાં રિપોર્ટના કોઇ ઠેકાણા નથી જેના કારણે તરેહ તરેહની ચર્ચા શરૂ થતી સંભળાઇ રહી છે. અને જાણકારો એવું માની રહયા છે કે, મોડા આવવા પાછળનું કારણ હોસ્પિટલને બચાવી લેવાનું હોય શકે છે. એવું લાગે છે કે ઉદય કોવિડ હોસ્પિટલને ક્લિનીન ચીટ આપવાની વેતરણ થઇ રહી છે.

એ.કે.રાકેશની પત્રકારોની વાતચીત દરમ્યાન પણ આ દિશામાં આછો સંકેત ખુદ એ.કે.રાકેશે આપ્યો હતો. રાજકોટમાં અગ્નિ હોનારત અન્ય સ્થળે પણ થઇ શકે છે. અને શહેરની અન્ય કોવિડ હોસ્પિટલોમાં સુરક્ષાના સાધનોનો અભાવ દેખાયો છે. અને જગ્યાની પણ સંકડાશ જોવા

(અનુ.પાના નં.૪ ઉપર)

જામનગરના ભૂમાફીયા જયેશ પટેલની ટોળકી સામે ગુજસીટોકનો કેસ રાજકોટની ખાસ અદાલતમાં ચાલશે

સ્પે. પીપી તરીકે એસ.કે.વોરાની નિમણુંક કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

જામનગરના ભુમાફીયા જયેશ પટેલ આણી ટોળકી સામે ગુજસીટોકના કાયદા મુજબ ધરપકડ સહિતના પગલા લેવાયા બાદ આખી ટોળકી સામે રાજકોટની ખાસ અદાલતમાં કેસ ચલાવવામાં આવશે. તેમ જાહેર થયું છે. આ ટોળકી સામે રેન્જ આઇજી દ્વારા ગુજસીટોક કાયદાનો સીકંજો કસવામાં આવ્યો હતો. અને જયેશ પટેલની ટોળકીમાં ૧૨ કોહમતદારોની વિવિધ ગુન્હા સબબ ધરપકડ કરવામાં આવી હતી. આ તમામ સામે તપાસ પૂર્ણ થતા રાજકોટની ખાસ અદાલતમાં કેસ ચલાવવામાં આવનાર છે. આ કેસમાં રાજય સરકારે સ્પે. પીપી તરીકે સરકારી વકીલ એસ.કે.વોરાની નિમણુંક કરી છે. જામનગરના ગુજસીટોકના મહત્વપૂર્ણ કેસમાં એસ.કે.વોરા શરૂઆતથી જ જોડાયેલા છે. એમને આ કેસનો ઉડો અને સંઘન અભ્યાસ કર્યો હોવાથી કાયદા શાખાએ આ કેસમાં સ્પે.પીપી તરીકે તેમની નિમણુંક કરી છે.

કાલે મુખ્યમંત્રી વિજય રૂપાણી વતનમાં, મારવાડી યુનિ. અને નાગરિક બેંકના કાર્યક્રમોમાં હાજરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી આવતીકાલ તા.૫ ને શનિવારે વતન રાજકોટની એક દિવસીય મુલાકાતે આવી રહયા છે. મુખ્યમંત્રી આવતીકાલે બપોરે ૩:૧૫ વાગ્યે વડોદરાથી વિમાન માર્ગે રાજકોટ આવવા રવાના થશે. અહીં ૪:૩૦ વાગ્યે મારવાડી યુનિ.ના પદવિદાન સમારંભમાં મુખ્યમંત્રી હાજરી આપનાર છે.

ત્યાર બાદ સાંજે ૬ વાગ્યે રાજકોટ નાગરિક સહકારી બેંકના વડામથક પર મુખ્યમંત્રીનો અભિવાદન કાર્યક્રમ યોજાશે. રૈયા સર્કલ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર નાગરિક બેંક હેડઓફીસ ખાતે કાર્યક્રમ યોજનાર છે. બાદમાં સરકીટ હાઉસમાં થોડુ રોકાણ કરી તેઓ રાત્રે ૮:૪૦ વાગ્યે વિમાન માર્ગે અમદાવાદ રવાના થશે તેમ સત્તાવાર રિતે જાણવા મળ્યુ છે.

રાજકોટમાં ચિંતાનું હવામાન સર્જતો કોરોના : વધુ ૧૨નો ભોગ લીધો

મૃત્યુઆંક એક દિવસમા જ બમણો થતા ભયનુ લખલખુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

રાજકોટમાં છેલ્લા બે દિવસના પ્રમાણમાં કોરોનાથી થયેલા મૃત્યુદરમાં અચાનક ફરી ઉછાળો આવતા શહેરભરમાં દહેશત અને ભયનું મોજુ ફરી વળ્યું છે. રાજકોટ કોવિડ હોસ્પિટલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ દર્દીઓના કોરોનાથી મૃત્યુ થયાનું નોંધાયુ હતું. ગુરૂવારે ૬ દર્દીઓ કોરોનાનો ભોગ બન્યા હતા. ૨૪ કલાકમાંજ મોતનો આંકડો બેવડાઇ જવા પામ્યો છે. અને આરોગ્ય તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

આજે બપોર સુધીમાં નવા ૩૨ પોઝિટિવ કેસ

તા.૩ને ગુરૂવારે શહેરમાં ૯૩ પોઝિટિવ કેસ નોંધાયા હતા. ૯૧ દર્દીઓએ કોરોનાને મહાત કરી દીધો હતો. અને સાજા થય ગયા હતા. કુલ ૩૭૪૪ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આજે શુક્રવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં નવા ૩૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા.

કુલ પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૧૧૧૫૪ થઇ જવા પામી હતી. જયારે અત્યાર સુધીમાં કુલ ૧૦૨૭૯ દર્દીઓએ કોરોનાને પરાજીત કર્યો છે. સારા સમાચાર એ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં રિકવરી રેઇટમાં વધારો થયો છે. અને ૯૨.૪૨ ટકા જેવો નોંધાયો છે.

માસ્ક વિહોણા લોકો પાસે કોવિડ સેન્ટરમાં સેવા અંગે એક નવું વિચાર વલોણું

કાયદાના દંડાથી ન સમજનારાને ભાન કરાવવા ધર્મ સંસ્થાઓ આગળ આવે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

આપણો દેશ ખુબ જ ધર્મભીરૂ અને ધર્મપ્રેમી દેશ છે. અહીં અનેક ધર્મોનો જે અનોખો અનેરો અને વિશિષ્ટ સંગમ જોવા મળે છે. એ ભારતીય સંસ્કૃતિનું લાજવાબ પાસુ છે. વિશ્વમાં કોઇ સ્થળે કે કોઇ દેશમાં એકી સાથે આટલા ધર્મનું તાદાત્મ્ય, એકતા અને સંયોજન જોવા મળતા નથી. જેટલા આપણે ત્યાં જોવા મળે છે. આજે આ મુદ્દાની ચર્ચા એટલે કરવી પડી છે કે, ભારત વશ પર જયારે જયારે કોઇ સામુહિક સંકટ સર્જાય છે. ત્યારે ધવાયેલી અને પીડીત તથા ચિંતાતુર બનેલી આમ જનતાના ધાવ રૂઝવવા માટે હમેશા ધર્મ સંસ્થાઓએ અને ખાસ કરીને અલગ અલગ ધર્મ, સંપ્રદાય, પીઠ

પ્રજામાં માન સન્માન ધરાવતા ધર્મગુરૂઓ અને સામાજીક અગ્રણીઓએ હવે જાગવુ રહયું

અને ખાનકાહોના ધર્મ ગુરૂઓએ ચાવી રૂપ ભુમિકા ભજવી છે. અને અવાર નવાર ભજવતા રહયા છે. આજે એ સમય ફરી આવી લાગ્યો છે. કેમ કે આપણા રાજયો અને રાષ્ટ્ર પર કોરોના મહામારીએ જબ્બર દસ્ત આક્રમણ કરયુ છે. લોકો હચમચી ઉઠયા છે. વિચલીત થઇ ઉઠયા છે. માનવ મનની સામાન્ય અને સહજ નબળાઇ એ રહી છે કે, મહામારી અથવા તો કોઇ પણ પ્રકારની આફત સામુહિક રીતે બહુ લાબો સમય ચાલે તો માનવ મન બંડ કરવા માટે પ્રેરાતુ હોય છે અને સાવધાનીના તમામ નીતિ નીયમોને ફંગોળી લઇને અભેરાઇ પર ચડાવવી દેવામાં આવતા હોય છે. માનવીની આ નબળાઇને આજના કપરા સમયમાં પુરાજોશમાં અત્યારે જોવા મળી રહી છે. જે સમાજ શાસ્ત્રીઓ માટે ચિંતા અને મનનનું કારણ બની રહી છે.

સામાન્ય મનમાં એવો સવાલ ઉભો થશે કે એવું તે શું થઇ રહયું છે. ? જે બની રહયું છે એ નાનું સુનુ નથી કેમ કે કાયદો અને વ્યવસ્થા તંત્ર પણ દંડા પછાડીને થાકી ગયા છે. ન્યાય તંત્રને મેદાનમાં આવવું પડયું છે. અને વહીવટી પાંખ જેવા ફરમાન બહાર પડવાની ફરજ પડી છે. જયુડિસ્યલ એક્ટિવીઝમ તરીકે આપણે જેણે ઓળખીયેએ છીએ

ધર્મ અને શાસ્ત્રોના પ્રવચનોની સાથે માસ્ક ધારણ કરવા જેવા મુદ્દા પર ઉપદેશની ઝુંબેશ જરૂરી

એવા આદેશો ન્યાય તંત્રને બહાર પાળવા પડયા છે. તેનું શું કારણ તેનું એક જ સાદુ કારણ છે કે લોકોના મન સાવધાનીને ફગાવી દઇ કોરોના સામે બંડ કરવા માટે તૈયાર થઇ રહયા છે. વિચારકો, મનોવૈજ્ઞાનિકો અને નિષ્ણાંતો ધરી રહયા છે. હવે શું કરવું એવા સવાલોનો જવાબ ધર્મ સંસ્થાઓ પાસે છે. એવું કહીએ તો અતિશ્યોકિત નહીં ગણાય.

મુશ્કિલ વકતકા સબસે બડા સહારા હોતા હૈ ઉમ્મીદ, જો કાનમે ધીરે સે કહેતી હૈ કી ડર નહીં સબ અચ્છા હોગા.

સામાન્ય રીતે કાયદાથી લોકો ડરતા હોય છે. પરંતુ મોટાભાગના લોકો કાનુની ફરમાનોનું નિયમીત રીતે પાલન કરી શકતા નથી અથવા નહીં કરવાની બંડખોરી સભર વૃતિ ધરાવતા હોય છે. પરંતુ ધર્મગુરૂઓનું લોકો મન રદયથી સન્માન કરતા હોય છે. એમની વાતને કાને ધરતા હોય છે. એટલે જ એ કહેવું પડે છે કે, માસ્ક અને એવા આંતરીક બચાવના પગલા અંગે જન માનસમાં જાગૃતિ જગાવવાની અને એમને એ દિશામાં લઇ જવાની જવાબદારી ધાર્મીક સંસ્થાઓ બખુબી નિભાવી શકે તેમ છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, ATIKA SOUTH ARATI SOC. DHEBAR ROAD RAJKOT-360002 GUJARAT.